dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 | Issue- 349 | AD - 2024, Bhadarva Vad -07 | Monday, Dt.23-09-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### અમેરિકાના વિલ્મિંગ્ટનમાં આયોજિત ક્વાડ સમિટને સંબોધિત કરી

# વિશ્વ તણાવ અને સંઘર્ષોથી ઘેરાયેલું છે ત્યારે સાથે મળીને કામ કરવું ખૂબ જ મહત્વપૂર્ણ : નરેન્દ્ર મોદી

(એ.આર.એલ),વોશિંગ્ટન,તા.૨૨

વડાપ્રધાન મોદી અને અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેને શનિવારે મોડી રાત્રે અમેરિકાના વિલ્મિંગ્ટનમાં આયોજિત ક્વાડ સમિટને સંબોધિત કરી હતી. ક્વાડની ઉપયોગિતા પર ભાર મૂકતા પીએમ મોદીએ કહ્યું કે ક્વાડ સાથે મળીને કામ કરવું માનવતા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. બાઈડેને આ કોન્ફરન્સમાં ક્વાડ સભ્યોનું સ્વાગત કર્યું અને તેને વધુ મજબૂત બનાવવા અપીલ કરી. આવી સ્થિતિમાં, ક્વાડ માટે સમગ્ર માનવતા માટે સહિયારા લોકતાંત્રિક મૂલ્યોના આધારે સાથે મળીને કામ કરવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું કે, અમે કોઈની વિરુદ્ધ નથી, અમે બધા નિયમો-આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા, સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતા માટે આદર અને તમામ મુદ્દાઓના શાંતિપૂર્ણ ઉકેલને સમર્થન આપીએ છીએ. એક મુક્ત, ખુલ્લું, સર્વસમાવેશક અને સમૃદ્ધ ઈન્ડો-પેસિફિક એ અમારી સહિયારી પ્રાથમિકતા અને સહિયારી પ્રતિબદ્ધતા છે.

તેમણે કહ્યું કે, ક્વાડ દેશોએ આરોગ્ય, સુરક્ષા, જટિલ ઉભરતી તકનીકો, આબોહવા પરિવર્તન અને ક્ષમતા નિર્માણ જેવા ક્ષેત્રોમાં ઘણી સકારાત્મક અને સમાવિષ્ટ પહેલ કરી છે. કહ્યું, 'અમારો સ્પષ્ટ સંદેશ છે - ક્વાડ અહીં રહેવા, મદદ કરવા, ભાગીદાર અને પૂરક બનવા માટે છે.' આ દરમિયાન પીએમ મોદીએ રાષ્ટ્રપતિ બાઈડેન અને તેમના તમામ સહયોગીઓને આ સંમેલન માટે અભિનંદન પાઠવ્યા હતા. ૨૦૨૫માં ભારતમાં ક્વાડ લીડર્સ સમિટનું આયોજન કરવાની પ્રતિબદ્ધતાનો પણ પુનરોચ્ચાર કર્યો હતો.



વડપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, 'મારા ત્રીજા કાર્યકાળમાં આ ક્વાડ સમિટમાં ભાગ લઈને હું અત્યંત ખુશ છું. ૨૦૨૧ની પ્રથમ ક્વાડ સમિટ તમારા નેતૃત્વ (અમેરિકા) હેઠળ આયોજિત કરવામાં આવી હતી. આટલા ઓછા સમયમાં અમે દરેક દિશામાં અમારો સહયોગ વિસ્તાર્યો છે. આમાં તમારી ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ રહી છે. ક્વાડમાં તમારા મજબૂત સમર્પણ અને યોગદાન બદલ હું તમારો હૃદયપૂર્વક આભાર માનું છું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વધુમાં કહ્યું કે, 'અમારી બેઠક એવા સમયે થઈ રહી છે જ્યારે વિશ્વ તણાવ અને સંઘર્ષોથી ઘેરાયેલું છે. આવી સ્થિતિમાં, માનવતા માટે ક્વાડ માટે સહિયારા લોકતાંત્રિક મૂલ્યોના આધારે સાથે મળીને કામ કરવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. અમે કોઈની વિરુદ્ધ નથી. અમે બધા નિયમો-આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા, સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતા માટે આદર અને તમામ મુદ્દાઓનો શાંતિપૂર્ણ ઉકેલ ઈચ્છીએ છીએ.

મુક્ત, ખુલ્લું, સર્વસમાવેશક અને સમૃદ્ધ ઈન્ડો-પેસિફિક એ અમારી સહિયારી પ્રાથમિકતા અને પ્રતિબદ્ધતા છે. અમે આરોગ્ય, સલામતી, ઉભરતી તકનીકો, આબોહવા પરિવર્તન અને ક્ષમતા નિર્માણ જેવા ક્ષેત્રોમાં ઘણી સકારાત્મક અને સમાવિષ્ટ પહેલો પર કામ કર્યું છે. હું ફરી એકવાર રાષ્ટ્રપતિ બાઈડેન અને મારા તમામ સાથીદારોનું સ્વાગત કરું છું. ૨૦૨૫માં ભારતમાં ક્વાડ લીડર્સની સમિટનું આયોજન કરવામાં અમને આનંદ થશે.

અમેરિકામાં યોજાયેલી ક્વાડ સમિટ બાદ સભ્ય દેશોના નેતાઓ કેન્સર મૂનશોટ ઈવેન્ટમાં સામેલ થયા. કાર્યક્રમને સંબોધતા પીએમ મોદીએ કેન્સર નિવારણ માટે ૭.૫ મિલિયનના પેકેજ અને ૪ કરોડ વેક્સિનના ડોઝની જાહેરાત કરી. તેમણે કહ્યું કે ભારતનું વિઝન છે - વન અર્થ, વન હેલ્થ.

### ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં પરસ્પર સહયોગને ગાઢ બનાવવા અંગે પણ વિચારોનું આદાન-પ્રદાન

# અમેરિકામાં નરેન્દ્ર મોદીની જાપાન અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન સાથે મુલાકાત

વોશિંગ્ટન,તા.૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ દિવસોમાં ક્વાડ સમિટમાં ભાગ લેવા માટે અમેરિકામાં છે. આ કોન્ફરન્સની સાથે સાથે તેઓ જાપાનના વડાપ્રધાન ફ્યુમિયો કિશિદા અને ઓસ્ટ્રેલિયાના પીએમ એન્થોની અલ્બેનિસને પણ મળ્યા હતા. પીએમ મોદીએ ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં શાંતિ, સમૃદ્ધિ અને સ્થિરતા જાળવવા અને પરસ્પર સહયોગને ગાઢ બનાવવા અંગે પણ વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું.



મોદીએ શનિવારે વિલ્મિંગ્ટનમાં જાપાનના વડાપ્રધાન ફ્યુમિયો કિશિદા અને ઓસ્ટ્રેલિયન વડાપ્રધાન એન્થોની અલ્બેનિસ સાથે મુલાકાત કરી હતી. તમને જણાવી દઈએ કે અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેન દ્વારા આયોજિત ક્વાડ સમિટમાં ભાગ લેવા માટે જાપાન અને ઓસ્ટ્રેલિયાના પીએમ પણ આવ્યા છે. પીએમ મોદી અને એન્થોની અલ્બેનિસે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને વધુ ગાઢ બનાવવાની તેમની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી. પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ કર્યું કે ભારત આવનારી મિત્રતાને મહત્વ આપે છે. ઓસ્ટ્રેલિયન પીએમ એન્થોની અલ્બેનિસે જણાવ્યું હતું કે, "આજે ક્વાડ સમિટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે અમારી ભાગીદારીને મજબૂત કરવાના માર્ગો વિશે વાત કરવી ખૂબ જ સારું લાગ્યું." પીએમ મોદીએ જાપાનના પીએમ ફ્યુમિયો કિશિદા સાથે પણ મુલાકાત કરી હતી.

### મંદિરના લાડુમાં પ્રાણીઓની ચરબીના કથિત ઉપયોગના વિવાદને પગલે

# તિરુપતિ મંદિરમાં ઘી સપ્લાય કરતા વાહનો પર જીપીએસ લગાવવામાં આવ્યા

(એ.આર.એલ),બેગ્લુરૂ,તા.૨૨

કર્ણાટક મિલ્ક ફેડરેશને તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમને ઘી સપ્લાય કરવા માટે વપરાતા તેના વાહનો પર જીપીએસ ફીટ કર્યું છે, જે તિરુપતિ મંદિરનું સંચાલન કરે છે. તિરુપતિ મંદિરના લાડુમાં પ્રાણીઓની ચરબીના કથિત ઉપયોગના વિવાદને પગલે આ પગલું લેવામાં આવ્યું છે.

કેએમએફના મેનેજિંગ ડિરેક્ટર એમકે જગદીશે જણાવ્યું હતું કે ટીટીડી દ્વારા એક મહિના પહેલા ટેન્ડર આપ્યા બાદ નંદિની ઘીનો પુરવઠો પુનઃસ્થાપિત કરવામાં આવ્યો છે. 'નંદિની' કર્ણાટક મિલ્ક ફેડરેશનની લોકપ્રિય બ્રાન્ડ છે. એમએફના મેનેજિંગ ડિરેક્ટર જગદીશે જણાવ્યું હતું કે, "અમે એક મહિના પહેલા ઘીનો પુરવઠો (ટીટીડીને) ફરી શરૂ કર્યો છે. અમે વાહનોમાં જીપીએસ સિસ્ટમ અને 'જિયો લોકેશન ડિવાઈસ' ઈન્સ્ટોલ કર્યા છે, જેથી અમે જાણી શકીએ કે તેઓ ક્યાં રોકે છે. તેનો ઉદ્દેશ એ સુનિશ્ચિત કરવાનો છે કે ક્યાંય પણ ભેળસેળ ન થઈ શકે. ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમનો ઉપયોગ વાહનનું વાસ્તવિક સ્થાન શોધવા માટે થાય છે. તેમના કહેવા પ્રમાણે, કેએમએપને ૩૫૦ ટન ઘી સપ્લાય કરવાનો કોન્ટ્રાક્ટ મળ્યો છે. તેમણે કહ્યું, "જ્યારે જરૂર પડશે ત્યારે અમે ઘી સપ્લાય કરીશું." પ્રયોગશાળાના અહેવાલોને ટાંકીને ટીટીડીએ જણાવ્યું હતું કે ઘીમાં પ્રાણીની ચરબી અને અન્ય અશુદ્ધિઓ છે. ટીટીડીના એક્ઝિક્યુટિવ ઓફિસર જે શ્યામલા રાવે જણાવ્યું હતું કે લેબોરેટરી ટેસ્ટમાં પસંદ કરાયેલા સેમ્પલમાં પ્રાણીની ચરબી અને ડુક્કરની ચરબી હોવાનું બહાર આવ્યું છે અને બોર્ડ 'ભેળસેળયુક્ત' ઘી સપ્લાય કરનાર કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરવાની પ્રક્રિયામાં છે.






# ૩૦ વર્ષ બાદ ભારતમાં હવામાનમાં મોટો પલટો, સુપર ટાયફૂન ચક્રવાતનો પ્રવેશ, ભારે વરસાદની સંભાવના



(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૨

સુપર ટાયફૂનમાંથી ચક્રવાતમાં પરિવર્તિત 'યાગી' ભારતમાં પ્રવેશ્યું છે. ૩૦ વર્ષ બાદ ભારતના હવામાનમાં આવો બદલાવ જોવા મળ્યો છે. ચક્રવાત યાગીની એટલી અસર છે કે સપ્ટેમ્બર મહિનામાં ભારે વરસાદ પડી રહ્યો છે, જ્યારે ૧૫ સપ્ટેમ્બર પછી ઉત્તર ભારતના મોટાભાગના વિસ્તારોમાંથી ચોમાસું પુરૂ થવાનું શરૂ થાય છે. પેસિફિક મહાસાગરમાંથી ઉદ્‌ભવેલું ચક્રવાત સૌથી પહેલા ચીનના દક્ષિણ કિનારે પહોંચ્યું અને બે ભાગમાં સુપર ટાયફૂનમાં ફેરવાઈ ગયું. તેની ઝડપ ૩૫૦ કિલોમીટર પ્રતિ કલાક થઈ ગઈ. આ ઝડપે સુપર ટાયફૂન ફિલિપાઈન્સ, વિયેતનામ, થાઈલેન્ડ, મ્યાનમાર અને લાઓસમાં ત્રાટક્યું હતું. લાંબા અંતરની મુસાફરી કર્યા પછી, આ વાવાઝોડાની કોઈ ખાસ અસર થઈ નથી. તાજેતરના દિવસોમાં યાગી તોફાન ચક્રવાતમાં ફેરવાઈ ગયું છે અને ૩૮૦૦ કિલોમીટરનું અંતર કાપ્યા બાદ તે ભારતમાં પ્રવેશ્યું છે. ચક્રવાત યાગીની અસરને કારણે દિલ્હી-એનસીઆર, હરિયાણા, ચંદીગઢ, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડમાં ભારે વરસાદ થઈ રહ્યો છે.

ભારતના હવામાન પર ૩૮૦૦ કિલોમીટર દૂર પેસિફિક મહાસાગરમાં ઉદ્‌ભવતા ચક્રવાતની અસર જોઈને વૈજ્ઞાનિકો આશ્ચર્યચકિત થઈ ગયા છે. જોકે ચક્રવાત યાગીની અસર બંગાળ, ઝારખંડ, બિહાર અને પૂર્વ ઉત્તર પ્રદેશ માટે ફાયદાકારક સાબિત થઈ છે. વાવાઝોડાએ આ વિસ્તારોમાં વરસાદના અભાવની ભરપાઈ કરી છે. જો કે આ વિસ્તારમાંથી નીકળ્યા બાદ યાગી તોફાન હવે પશ્ચિમ તરફ આગળ વધી રહ્યું છે. હવામાન વિભાગે કહ્યું છે કે ચક્રવાત યાગીની અસર ટૂંક સમયમાં ખતમ થઈ જશે. જો કે, ચોમાસાની વિદાય દરમિયાન વરસાદ ખેતી માટે ફાયદાકારક છે. પશ્ચિમ ભારતમાં તેની અસર જોવા મળશે.









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
સોમવાર, તા. ૨૩-૦૯-૨૦૨૪

# અમરેલી જિલ્લાના વિવિધ ગામોમાં ઘન અને પ્રવાહી કચરાના નિકાલ માટે વિવિધ કામોનું ખાતમુહૂર્ત કરાયું

અમરેલી, તા.૨૨



સ્વચ્છતા હી સેવા - ૨૦૨૪ કાર્યક્રમ અન્વયે સમગ્ર જિલ્લાના ગામોને સ્વચ્છ અને લોકોને સ્વસ્થ બનાવવા ઝુંબેશ શરુ છે. દૈનિક વિવિધ કાર્યક્રમો દ્વારા નાગરિકોમાં સ્વચ્છતા માટે આદત કેળવાય, નાગરિકો સ્વૈચ્છિક રીતે વ્યકિતગત અને સામૂહિક રીતે સ્વચ્છતા રાખવા અને જાળવવા પ્રેરિત થાય તે આ કાર્યક્રમનો મુખ્ય હેતુ છે. આજરોજ સ્વચ્છ ભારત મિશન (ગ્રામ્ય) અંતર્ગત અમરેલી જિલ્લાના ૧૧ તાલુકાઓના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં ઘન અને પ્રવાહી કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ થાય તે હેતુથી વ્યકિતગત અને સામૂહિક કમ્પોસ્ટ પીટ, સોકપીટ, શેગ્રીગેશન શેડ તથા ડોર ટુ ડોર કચરાના વ્યવસ્થાપન માટે સફાઇ સાધનો વિગેરેનું નિર્માણ થઇ રહ્યું છે, ત્યારે આજના દિવસે ૧૩૧ સામૂહિક કમ્પોસ્ટ પીટ, ૭૦ વ્યકિતગત કમ્પોસ્ટ પીટ, ૨૩૦ સામૂહિક સોકપીટ, ૧૨૪ વ્યકિતગત સોકપીટ, ૪૦ શેગ્રીગેશન શેડ તથા ૩ EWATs મળીને કુલ ૫૯૮ કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

# "સ્વચ્છતા હી સેવા" અભિયાન અંતર્ગત દામનગર અને અમરેલી નગરપાલિકા દ્વારા સફાઈનું આયોજન કરાયું

અમરેલી, તા. ૨૨



તા. ૨ ઓક્ટોબર - મહાત્મા ગાંધીજીના જન્મ દિવસને સમગ્ર ભારતમાં 'સ્વચ્છ ભારત દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આ વર્ષે પણ 'સ્વચ્છ ભારત મિશન' ના ૧૦ વર્ષની ઉજવણીના ભાગરુપે સમગ્ર દેશમાં સ્વચ્છતા હી સેવા અભિયાન : સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા" અભિયાનનું આહ્વાન કર્યું છે. સ્વચ્છતા હી સેવા અભિયાન ૨૦૨૪ : સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા" અંતર્ગત દામનગર નગરપાલિકા દ્વારા દામનગરના ખોડિયાર ચોકથી સરદાર ચોક, બહારપરા વિસ્તાર, ઘનશ્યામ નગર સહિતના વિસ્તારોમાં રાત્રિ સાફ-સફાઈ હાથ ધરવામાં આવી હતી. અમરેલી નગરપાલિકા દ્વારા માણેકપરા અને સુખનાથપરા સહિતના વિસ્તારમાં રાત્રિ સફાઈ હાથ ધરવામાં આવી હતી. શહેરના ચિતલ રોડ, લાઠી રોડ, લીલીયા રોડ સહિત મુખ્ય રાજમાર્ગો પર સફાઈ કામગીરી તેમજ ડિવાઈડર નજીક સાફ-સફાઈ કરવામાં આવી હતી.

# ધારી દેવળા-ખાંભાના ગોજારા રસ્તા પર અકસ્માતમાં બે વ્યકિત ઈજાગ્રસ્ત

ધારી, તા.૨૨




ધારી દેવળા-ખાંભાના ગોજારા રસ્તા પર અવારનવાર અકસ્માતમાં થતા હોય છે. ત્યારે દેવાળા-ખાંભા રોડ નર્સરી પાસે અલ્ટો કાર અગમ્ય કારણસર ઉંડી સાઈડમાં ઉતરી જતા બે વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા હતા. આ ઘટનાની જાણ થતા તાત્કાલિક ૧૦૮ સારવાર ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને તાત્કાલિક ધોરણે ધારી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

# અમરેલીની પાંજરાપોળ ગૌ શાળામાં અનેક સેવાકાર્યો યોજાયા

અમરેલી, તા. ૨૨

અમરેલીમાં પાંજરાપોળ ગૌશાળામાં ૧૮/૦૯/૨૦૨૪ના રોજ પ્રથમ શ્રાદ્ધના દિવસે ૮૩૦થી અધિક ગૌમાતા, ગૌવંશ અને અન્ય પશુઓને ૧૦૦૦ કિલો લાપસી ખવડાવવામાં આવી હતી અને સાથોસાથ અવેડાના શેડ માટે દાતા પરિવારની તકતીનું અનાવરણ કરવામાં આવેલ. દીપ પ્રાગટ્ય અને તકતી અનાવરણ સંસદસભ્ય ભરતભાઈ સુતરીયાના હસ્તે થયેલ. મંદબુદ્ધિના બાળકોની છાત્રાલયના બાળકો તેમજ ટ્રસ્ટી વસંતભાઈ પોકળ, મુકુન્દભાઈ ગઢીયા, છાત્રાલયના સહાયક એવા ભાગીરથીબેન સોલંકી (ઉં.વર્ષ ૯૩) દ્વારા ભરતભાઈ સુતરીયાનું ગાય અને પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવેલ. જાણીતા પૂર્વ એલ.આઈ.સી. બ્રાન્ચ મેનેજર જામનગર, ભાવનગર દિલીપભાઈ શુકલએ અનેક દૃષ્ટાંતો આપી ગૌશાળાની કામગીરી તથા દિલીપભાઈ પરીખની અથાગ મહેનતનો ઉલ્લેખ કરી પ્રશંસા કરી રૂ.૧,૦૦,૦૦૦ (એક લાખ)ના અનુદાનની જાહેરાત કરેલ. ચેમ્બર ઓફ કોમર્સ ચતુરભાઈ અકબરી, યોગેશભાઈ કોટેચા, ચૌહાણભાઈ, સંજયભાઈ રામાણી તેમજ પોપટભાઈ પેથાણી, લાપસીના દાતા સ્વ.નારણભાઈ ફુલજીભાઈ જોધાણી તથા સ્વ. અમીષાબેન હસ્તે આશિષભાઈ, લીલા ઘાસચારાના દાતા ગૌરીબેન તથા કાંતાબેન ગોહિલ તેમજ અવેડા માટે અનુદાન (૧) વ્રજલાલ નરભેરામ મહેતા અમદાવાદ, (૨) અજયભાઈ નરસાણા મુંબઈ, શેડ માટે પાયલ રાહેજા અને રાજેન શાહએ અનુદાન આપેલ. સમારંભનું સંચાલન ટ્રસ્ટી દિલીપભાઈ પરીખે કરેલ. સૌ દાતા પરિવાર તેમજ સાંસદ ભરતભાઈ સુતરીયાનો આભાર માનેલ. ભરતભાઈ સુતરીયાએ ગૌશાળાની ચોખ્ખાઈની પણ નોંધ લીધી હતી.

# અમરેલીના જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષસ્થાને ગરીબ કલ્યાણ મેળો યોજાશે

અમરેલી, તા.૨૨

અમરેલી ખાતે તા.૨૭ને શુક્રવારના રોજ જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષસ્થાને લાભાર્થીઓને લાભ મળી રહે તે માટે ગરીબ કલ્યાણ મેળો યોજાશે. ઉપરાંત ગરીબ કલ્યાણ મેળાને અનુલક્ષીને જિલ્લા કલેકટર અજય દહિયાની ઉપસ્થિતિમાં બેઠકનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા, નિવાસી અધિક કલેકટર ગોહિલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક, પ્રાંત અધિકારી સહિતના અધિકારી અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ગરીબ કલ્યાણ મેળાની કામગીરી માટે દેખરેખ અને સંકલન સહિતની જવાબદારી અને ફરજ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક બજાવશે. આ ગરીબ કલ્યાણમાં વિવિધ સરકારી યોજનાઓ અંતર્ગત લાભાર્થીઓને સહાયરૂપે કીટનું વિતરણ કરવામાં આવશે.

**પ્રોસિક્યુશન એડવોકેટ પી.એમ. કુરેશીની ધારદાર દલીલોને ગ્રાહ્ય રાખી**

# અમરેલી શહેરમાં મરવા મજબૂર કર્યાના કેસમાં ૩ આરોપીને સજા

અમરેલી, તા.૨૨



અમરેલી શહેરમાં ૪ વર્ષ પહેલા એક પરિણીત વ્યક્તિએ અયાજભાઈ શોભાણી, રીઝવાનાબેન શોભાણી અને નસીમબેન પરમાર નામની વ્યક્તિઓએ સમાજમાં બદનામ કરવાની ધમકી આપી પૈસાની માંગણી કરી મરવા મજબુર કરતા આપઘાત કરી લીધેલ અને તે અંગે અમરેલી સિટી પોલીસ સ્ટેશનમાં આ ૩ ઈસમો વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ હતી. ત્યારબાદ આ અંગેનો કેસ સેશન્સ કોર્ટમાં ચાલી જતા વિથ પ્રોસિક્યુશન એડવોકેટ પી.એમ. કુરેશીએ રજૂ કરેલ ધારદાર લેખિત દલીલ અને રેકર્ડ પર આપેલ પુરાવાઓને ગ્રાહય રાખી નામ. કોર્ટ દ્વારા ત્રણેય આરોપીઓને ૩-૩ વર્ષની સજા ભોગવવાનો હુકમ કરેલ હતો.

# દામનગરમાંથી સગીરાને અજાણ્યો ઈસમ ભગાડી ગયો

દામનગર, તા.૨૨

દામનગરમાં રહેતી એક સગીરાને અજાણ્યો ઈસમ કાયદેસરના વાલીપણામાંથી ભગાડી ગયો હતો. જે અંગે સગીરાના પિતાએ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, અજાણ્યો શખ્સ તેમની સગીર વયની દિકરીને તેમના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી-ફોસલાવી ભગાડી લઈ ગયો હતો.

# સા.કુંડલાના વંડામાં પી.પી.એસ. હાઈસ્કૂલ ખાતે POCSO એક્ટ અંગે સેમિનાર યોજાયો

સાવરકુંડલા, તા.૨૨



શ્રી પી.પી.એસ. હાઈસ્કૂલ-વંડામાં તાજેતરમાં POCSO એક્ટ અંતર્ગત એક મહત્વપૂર્ણ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં શાળાની લગભગ ૨૦૦ યુવા વિદ્યાર્થિનીઓને POCSO એક્ટ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. સેમિનારમાં એડવોકેટ નિશા મુકેશભાઈ વિરાણી-બાઢડા (શ્રીધર કન્સલ્ટિંગ) દ્વારા વિદ્યાર્થિનીઓને POCSO એક્ટની જોગવાઈઓ અને તેના મહત્વ વિશે સમજાવવામાં આવ્યું હતું. સેમિનારમાં એ વાત પર ભાર મૂકવામાં આવ્યો કે ભારતમાં યૌન શોષણના લાખો કેસ નોંધાય છે અને ગુજરાતમાં ૨૦૨૩-૨૪માં દરરોજ બળાત્કારના સરેરાશ છ કેસ નોંધાય છે. મહિલાઓથી લઈને નાની છોકરીઓ જાતીય સતામણી જેવી ઘટનાઓનો ભોગ બની રહી છે, તે અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. આ સેમિનાર દ્વારા વિદ્યાર્થિનીઓને POCSO એક્ટ વિશે જાગૃત કરવાનો અને તેમને આવી ઘટનાઓથી સાવચેત રહેવા માટે પ્રોત્સાહિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# શેખવા પરિવારને વિવિધ સમાજનાં આગેવાનો દ્વારા સાંત્વના પાઠવવામાં આવી

અમરેલી, તા.૨૨



ભડલી ગામના વતની સ્વ. રાણુબાબેનનાં બેસણામાં વિવિધ રાજકીય, સામાજીક અને ધાર્મિક આગેવાનોએ સાંત્વના પાઠવી હતી. ચલાલા દાનેવ ધામના મહંત વલકુબાપુ, પાળીયાદના સંચાલક ભયલુબાપુ, દિલીપભાઈ સંઘાણી, પરશોતમભાઈ રૂપાલા, ભરતભાઈ સુતરીયા, ભરતભાઈ બોઘરા, જનકભાઈ તળાવીયા, વિરજીભાઈ ઠુંમર, મુકેશભાઈ સંઘાણી, અમરીશભાઈ ડેર, શરદભાઈ ધાનાણી તેમજ રાજકીય અને સામાજીક આગેવાનો તથા અમરેલીનાં વેપારીઓ, ઉદ્યોગપતિઓ તેમજ શેખવા પરિવાર સાથે સંકળાયેલા પરિવારજનો અને મિત્રો, વિવિધ સમાજના આગેવાનોએ શેખવા પરિવાર પર આવેલા દુઃખમાં ભાગ લઈ સાંત્વના પાઠવી હતી.

# સાવરકુંડલા ખાતે રાજકોટ-જાફરાબાદ બસની અનિયમિતતા સામે મુસાફરોનો રોષ

સાવરકુંડલા, તા.૨૨



સાવરકુંડલા એસ.ટી. ડેપો ખાતે રાજકોટ-જાફરાબાદ રૂટની એક્સપ્રેસ બસની અનિયમિતતા સામે મુસાફરોએ ફરિયાદ નોંધાવી છે. આ બસ દરરોજ નિયત સમય કરતાં એક કલાક મોડી આવતા મુસાફરોએ ડેપો મેનેજરને રજૂઆત કરી છે. રાજુલા એસ.ટી. ડેપોથી વહેલી સવારે ૫ વાગે ઉપડતી આ બસનો સાવરકુંડલા એસ.ટી. ડેપો ખાતેથી સવારે ૮:૩૦ વાગે ઉપડવાનો સમય છે. પરંતુ છેલ્લા પંદર દિવસથી આ બસ ક્યારેય સમયસર આવતી નથી અને દરરોજ ૯:૧૫ વાગે આવે છે. સાવરકુંડલાના જાગૃત નાગરિક અને નિયમિત મુસાફર બળવંતભાઈ મહેતાએ સાવરકુંડલા અને રાજુલા ડેપો મેનેજરને રજૂઆત કરી છે કે રાજકોટ-જાફરાબાદ એક્સપ્રેસ બસને સમયસર ચલાવવામાં આવે. તેમણે જણાવ્યું કે સાવરકુંડલાથી રાજુલા અને જાફરાબાદ જવા માટે આ બસનો ઉપયોગ કરનારા મુસાફરોને હાલાકી પડી રહી છે. આ સમસ્યાના નિરાકરણ માટે એસ.ટી. વિભાગના અધિકારીઓએ યોગ્ય પગલાં લેવાની માંગ કરવામાં આવી છે, જેથી મુસાફરોને સમયસર તેમના ગંતવ્ય સુધી પહોંચાડી શકાય.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંર્પૂણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીગ • ઈન્શયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ શ્રેષ્ઠ ગ્રાહક સેવા ગુણવતાયુકત કામ પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

**બાબરા તાલુકામાં આરોગ્ય સુવિધાઓનો વિસ્તાર, ધારાસભ્ય જનક તળાવિયાનાં હસ્તે**

# લોનકોટડા તેમજ ચમારડી ગામે સબ સેન્ટરના કામોનું ખાતમુહૂર્ત

બાબરા, તા.૨૨

બાબરા તાલુકાના લોનકોટડા અને ચમારડી ગામોમાં આરોગ્ય સેવાઓને વેગ આપવા માટે મહત્વનું પગલું લેવામાં આવ્યું છે. આ બંને ગામોમાં કુલ ૯૦ લાખ રૂપિયાના ખર્ચે નવા સબ સેન્ટરોના નિર્માણનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આ પ્રસંગે લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ ખાસ હાજરી આપી હતી અને તેમના હસ્તે ખાતમુહૂર્ત વિધિ સંપન્ન કરવામાં આવી હતી. આ પ્રોજેક્ટ અંતર્ગત દરેક ગામમાં ૪૫ લાખ રૂપિયાના ખર્ચે અત્યાધુનિક સુવિધાઓ સાથેનું સબ સેન્ટર બનાવવામાં આવશે. આ કામગીરી ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે અને ઝડપથી પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ



પ્રસંગે જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન અશ્વિનભાઈ કુંજડિયા, જિલ્લા પંચાયતના સદસ્ય નિતિનભાઈ રાઠોડ, પી.ડી.કોઠીવાળ, હિંમતભાઈ દેત્રોજા, ગોપાલભાઈ વસ્તરપરા, જીવનભાઈ પીઢડીયા, બાબુભાઈ રામાણી, ગામના સરપંચ, ગ્રામ પંચાયતના તમામ સદસ્યો, રાજુભાઈ વિરોજા, તાલુકા ભાજપ સંગઠનના હોદ્દેદારો, ભાજપ મોરચા સેલના હોદ્દેદારો સહિતના આગેવાનો, આરોગ્ય વિભાગના અધિકારીઓ તેમજ કર્મચારીઓ અને બહોળી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

# લોકશાળા ખડસલીના એન.એસ.એસ યુનિટ દ્વારા દરિયાકિનારે સફાઈ કરાઈ

સાવરકુંડલા, તા.૨૨

સાવરકુંડલા તાલુકાના લોકશાળા ખડસલીના એન.એસ.એસ. યુનિટ દ્વારા ભવાની મંદિર, મહુવાના દરિયા કિનારેથી વેસ્ટ પાણીની બોટલ અને કચરો એકત્ર કરી નાશ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં લોકશાળાના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ નાનજીભાઈ મકવાણા, પ્રતીકભાઈ પટેલ, પ્રવીણભાઈ પટેલ, ગોવાભાઈ



ગાગીયા અને ધોરણ ૧૧ /૧૨ ના વિદ્યાર્થી ભાઈઓ-બહેનો દ્વારા ભવાની માતાના મંદિરના કાંઠા વિસ્તારમાં તમામ જગ્યાએ સ્વચ્છતા અભિયાન અંતર્ગત કામગીરી કરવામાં આવી હતી.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી નેટબોલ સ્પર્ધામાં સંકુલની કોલેજ પ્રથમ સ્થાને



અમરેલી, તા.૨૨

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ની નેટબોલ સ્પર્ધામાં સંકુલની આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ કોલેજ પ્રથમ સ્થાને આવી હતી. સ્પર્ધામાં બારડ મોનાલી, શિંગાળા વિહા, ઝાલા આશા, ઠુમ્મર દિશા, ઝાલાવડીયા દ્રષ્ટિ, મારકણા જીનલ, ભુવા માયા, મોરાસિયા સ્નેહા તથા રાદડીયા દ્રષ્ટિએ સંકુલનું નામ રોશન કર્યુ હતું. જે બદલ સંકુલ પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# મોટા દેવળીયા ક્લસ્ટરમાં બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન ૨૦૨૪ યોજાયું

અમરેલી, તા.૨૨

G.C.E.R.T. ગાંધીનગર અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી પ્રેરિત સીઆરસી મોટા દેવળીયા ક્લસ્ટરની તમામ શાળાઓનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન ૨૦૨૪ યોજાયું હતું. આ પ્રદર્શનમાં ક્લસ્ટરની તમામ શાળાઓના બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પ્રદર્શનની મુખ્ય થીમ



×ટકાઉ ભવિષ્ય માટે વિજ્ઞાન અને ટેક્નોલોજી× હતી, જેમાં પાંચ પેટા વિભાગોમાં જુદી જુદી શાળાના બાળકોએ પોતાની કૃતિઓ રજૂ કરી હતી. આ પાંચેય વિભાગોમાંથી શ્રેષ્ઠ કૃતિઓ આગામી સમયમાં તાલુકા કક્ષાએ મોટા દેવળીયા ક્લસ્ટરનું પ્રતિનિધિત્વ કરશે. કાર્યક્રમનું યજમાનપદ ફુલઝર પ્રાથમિક શાળાએ સંભાળ્યું હતું. બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનનું સંપૂર્ણ સંચાલન મોટા દેવળીયા સીઆરસી કો-ઓર્ડિનેટર મયુરભાઈ રાદડીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

# લુણસાપુર ગામનો યુવક ઘરેથી ચાલી નીકળ્યો

જાફરાબાદ, તા.૨૨

જાફરાબાદના લુણસાપુર ગામે રહેતો એક યુવક ભરબપોરે ઘરેથી કોઈને કહ્યા વગર જતો રહ્યો હતો. ઘણી શોધખોળ કરવા છતાં કોઈ ભાળ મળી નહોતી. બનાવ અંગે મનુભાઈ ભાણાભાઈ કોટીલા (ઉ.વ.૬૦)એ જાહેર કર્યા મુજબ, તેમનો દીકરો ઉદયભાઈ (ઉ.વ.૩૩) પાંચ દિવસ પહેલા બપોરે એક વાગ્યા આસપાસ ઘરે કોઈને કહ્યા વગર જતો રહ્યો હતો અને પરત ફર્યો નહોતો. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના મહેન્દ્રભાઈ આર. સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાના ખાખબાઈ ગામે આહિર સમાજની વાડીમાં બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

રાજુલા, તા.૨૨

રાજુલા તાલુકાના ખાખબાઈ ગામે સ્વ. મગનભાઈ ઉકાભાઈ કલસરીયાની ઉત્તરક્રિયા નિમિત્તે આરોગ્ય વિભાગના સહયોગથી રક્તદાન કેમ્પનું આયોજન આહિર સમાજની વાડી ખાતે



તસવીર : ગોપાલ રાઠોડ

કરવામાં આવેલ. કેમ્પમાં એકત્રિત થયેલ ૨૭ બોટલ બ્લડ જરૂરિયાતમંદ વ્યક્તિઓને ઈમરજન્સીના સમયે સરળતાથી મળી રહેશે. કોમ્યુનિટી હેલ્થ ઓફિસર સનાભાઈ મકવાણા દ્વારા ખાખબાઈ સહિતના ગામોના આરોગ્ય કેન્દ્રમાં બ્લડ ડોનેશન સહિતના કેમ્પ દ્વારા લોકોની આરોગ્ય સુખાકારી વધારવા માટેના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

## અવસાન નોંધ

**મોટી કુંકાવાવ**

ગં.સ્વ.શારદાબેન (ઉ.વ.૮૨)નું તા.૨૧/૦૯/૨૦૨૪ને શનિવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે હર્ષદભાઈ (હાલ યુ.એસ.એ) તથા અરવિંદભાઈ(હાલ યુ.એસ.એ) અને જીતેન્દ્રભાઈ (હાલ યુ.એસ.એ)ના માતૃશ્રી છે.

**બગસરા**

ગં.સ્વ. પુષ્પાબેનનું તા. ૨૧ને શનિવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે સ્વ.રાજેશભાઈ, હિતેશભાઈ, રીનાબેન સમીરભાઈ શાહ અને સ્વ.ગીતાબેન રમેશભાઈ શાહના માતૃશ્રી છે. તેમનું બેસણુ તા. ૨૩ને સોમવારના રોજ સાંજના ૪થી ૬ સોરઠીયા જ્ઞાતિ વાડી, શિવાજી ચોક, બગસરા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

લાભુબેન મેરામભાઈ મૈસુરીયા (ઉ.વ:૭૫) તે કનુભાઈ મેરામભાઈ મૈસુરીયા અને મનુભાઈ મેરામભાઈ મૈસુરીયા અને અમુભાઈ મેરામભાઈ મૈસુરીયા અને બાબુભાઇ મેરામભાઈ મૈસુરીયા અને ધીરુભાઈ મેરામભાઈ મૈસુરીયાના બેનનું તા:૨૧/૯/૨૦૨૪ ને ગુરુવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા:૨૩/૯/૨૦૨૪ ને સોમવારના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે નાઈ જ્ઞાતિ સમાજની વાડી (L.G વાડી) ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

પોપટભાઈ ગોવિંદભાઇ પોરિયા (ઉ.વ:૬૭) તે રમેશભાઈ ગોવિંદભાઈ પોરિયાના ભાઈ તથા હીંમતભાઇ પોપટભાઈ પોરિયા અને આશીષભાઈ પોપટભાઈ પોરિયાના પિતાનું તા:૧૯/૯/૨૦૨૪ ને ગુરુવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા:૨૩/૯/૨૦૨૪ ને સોમવારના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે શ્રીજી નગર શાળા નંબર ૪ ની સામે હાથસણી રોડ સાવરકુંડલા ખાતે રાખેલ છે.






















# કરીયાણા ગામે રૂ. ૪૫ લાખના ખર્ચે સબ સેન્ટરના કામોનું ધારાસભ્ય જનક તળાવીયાએ ખાતમુહૂર્ત કર્યુ

બાબરા, તા.૨૨

ધારાસભ્ય, સંસદ સભ્યનું ફંડ જેવી અનેક યોજનાઓ ગુજરાત સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવી છે, જેનાથી હાલ ગુજરાતના ગામડાંઓ પણ વિકાસ કામોથી ધમધમી રહ્યા છે. જે અંતર્ગત બાબરા તાલુકાના ખંભાળા ગામે આરોગ્ય વિભાગ હેઠળ પી.આઇ.યુ. હસ્તકના રૂ. ૪૫ લાખના ખર્ચે સબ સેન્ટર મંજૂર કરવામાં આવ્યા છે. આ કામનું ખાતમુહૂર્ત લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ ખાતમુહૂર્ત પ્રસંગે જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિ ચેરમેન અશ્વીનભાઈ કુંજડીયા, જિલ્લા પંચાયતના સદસ્ય નીતિનભાઈ રાઠોડ, પી.ડી.કોઠીવાળ, હિંમતભાઈ દેત્રોજા, ગામના સરપંચ, ગ્રામ પંચાયતના તમામ સદસ્યો, રાજુભાઈ વિરોજા, અમરશીભાઈ વાઘેલા, તાલુકા ભાજપ સંગઠનના હોદ્દેદારો, ભાજપ મોરચા સેલના હોદ્દેદારો સહિતના આગેવાનો, આરોગ્ય વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.



# દામનગરમાં આઈકોનિક રોડ બનશે : નવા રંગ-રૂપ સાથે શહેર દીપી ઉઠશે

દામનગર, તા.૨૨

દામનગર શહેરમાં વિવિધ વિકાસના કામો માટે નિર્મળ ગુજરાત ૨.૦ અંતર્ગત ગ્રાન્ટ મંજૂર થતાં નવા રૂપ-રંગ સાથે શહેર દીપી ઉઠશે. દામનગર નગરપાલિકાને આઈકોનિક રોડ બનાવવાની કામગીરી માટે રૂ.૪૯.૯૮ લાખની ગ્રાન્ટ મંજૂર થતાંની સાથે જ એસ.ટી. ડેપોથી સરદાર ચોક, છભાડિયા રેલ્વે ફાટકથી વૈજનાથ મંદિર ચોક સુધી નિર્મળ પથ તરીકે માન્યતા આપવાની છે. આ કામ માટે નવા રોડ, ડીવાઈડર, દામનગરમાં પ્રવેશ થતા નવ એપ્રોચ રોડની સફાઈ, ટ્વીન બિન, બાકડા, વોલ પેઈન્ટિંગ, સાઈન બોર્ડ સહિતના કામો કરવાની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. દામનગર શહેરમાં આઈકોનિક રોડ તરીકે નિર્મળ પથનું નામકરણ કરવામાં આવશે. સાથે-સાથે નિર્મળ ગુજરાત ૨.૦ અંતર્ગત કુલ ૬ GVP એટલે કે ગારબેજ વનરેબલ પોઈન્ટ વિકાસના કામો માટે રૂ.૬ લાખ મંજૂર થયા છે. શહેરમાં કચરાના વનરેબલ સ્પોટને કાયમી ધોરણે ડામવા આ GVP વિકાસ કરવામાં આવનાર હોવાનું નગરપાલિકાના સિટી એન્જિનિયર પ્રશાંતભાઈ સરલિયાએ જણાવ્યું હતું.



# અમરેલી જિલ્લા રઘુવીર સેના દ્વારા આયોજીત લગ્નોત્સુક પરિચય મેળાની તારીખ બદલાઈ

ચલાલા, તા.૨૨

જલારામ વિરપુર ખાતે રઘુવંશી સમાજના મહાસંમેલનને અનુલક્ષી અમરેલી જિલ્લા રઘુવીર સેના દ્વારા આયોજીત લગ્નોત્સુક પરીચય મેળાની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે. આ સંમેલન ૨૯-૦૯-૨૦૨૪ના બદલે હવે ૧૦-૧૧-૨૦૨૪ના રોજ યોજાશે.



અખિલ ગુજરાત લોહાણા સમાજના મહાસંમેલનમાં ભાગ લઈ શકાય તે માટે ફેરફાર કરવામાં આવ્યો છે.

# અમરેલી જિલ્લામાં વધુ બે પરિણીતાએ સાસરિયા સામે કરિયાવર મુદ્દે કનડગતની ફરિયાદ નોંધાવી

**બવાડી ગામની પરિણીતાને પતિએ જાનથી મારી નાખવાની ધમકી આપી**

અમરેલી, તા.૨૨

અમરેલી જિલ્લામાં પરિણીતાઓ પર અત્યાચારની ઘટના સતત વધી રહી છે. જિલ્લામાંથી વધુ બે પરિણીતાએ સાસરિયાના સિતમની ફરિયાદ નોંધાવી હતી. અમરેલી શહેરમાં રહેતી સ્નેહલબેન પરેશભાઈ ઠક્કર (ઉ.વ.૪૦)એ સુરત મુકામે રહેતા સાસરિયા પરેશભાઈ હિંમતલાલ ઠક્કર, સસરા હિંમતલાલ મગનલાલ ઠક્કર તથા નણંદ હર્ષાબેન જયેશભાઈ ઉનડકટ સામે નાની-નાની બાબતોમાં તેમજ કરિયાવર મુદ્દે અવારનવાર મેણા-ટોણા મારી શારીરિક, માનસિક દુઃખ-ત્રાસ આપવાનો આરોપ લગાવ્યો હતો. અમરેલી મહિલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વૈશાલીબેન એ. ચાવડા વધુ તપાસ કરી રહ્યા છે. બીજા બનાવમાં લીલીયાના બવાડી ગામે રહેતી ઉર્મીલાબેન જયેશભાઈ સોલંકીએ ભાવનગરના તળાજા તાલુકાના રોયલ ગામે રહેતા પતિ જયેશભાઈ કાનજીભાઈ સોલંકી, મંજુબેન કાનજીભાઈ સોલંકી, જીતુભાઈ કાનજીભાઈ સોલંકી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના લગ્ન ૮ વર્ષ પહેલા થયા હતા. આરોપીઓ અવારનવાર તેમની સાથે ઝઘડા કરીને કરિયાવાર મુદ્દે મેણા-ટોણા મારતા હતા. પતિએ ગાળો બોલીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. લીલીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ દિપકભાઈ રવજીભાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં યુવકે પંખા સાથે સાડી બાંધી ગળાફાંસો ખાધો

અમરેલી, તા.૨૨

અમરેલીમાં યુવાનોમાં અગમ્ય કારણોસર આપઘાત કરવાની ઘટનામાં વધારો થઈ રહ્યો છે. અર્જુનભાઈ વિજયભાઈ સમાણવા (ઉ.વ.૧૯)એ જાહેર કર્યા મુજબ, કરણભાઈ વિજયભાઈ સમાણવા (ઉ.વ.૨૦)એ અગમ્ય કારણોસર પોતાની મેળે ઘરે કોઈ નહોતું ત્યારે પોતાના ઘરે રૂમમાં જઈ પંખા સાથે સાડી તથા દોરડા વડે ગળાફાંસો ખાઈ લેતા મરણ પામ્યા હતા. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.બી. ગોહીલ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીની મુલાકાતે આવેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું હવાઈ મથકે મનીષ સંઘાણીએ સ્વાગત કર્યું

**મુખ્યમંત્રી વિવિધ વિકાસકામોનું લોકાર્પણ, ખાતમુહૂર્ત અને નવીનીકરણોનાં ત્રિવિધ કાર્યક્રમ માટે આવ્યા હતા**

અમરેલી, તા.૨૨

સંતો અને સુરાની પાવન ધરા અમરેલી ખાતે ૨૯૨ કરોડથી વધુ રકમનાં વિવિધ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ, ખાતમુહૂર્ત અને નવીનીકરણોનાં ત્રિવિધ કાર્યક્રમ માટે અમરેલી પધારેલ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું હવાઈ મથક અમરેલી ખાતે ગુજરાત પ્રદેશ યુવા મોરચાના ઉપાધ્યક્ષ અને અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષભાઈ સંઘાણીએ ઉષ્માભેર સ્વાગત કર્યુ હતું.



# ધારીના કુબડા ગામે પ્રેમલગ્ન બાદ પતિએ દહેજમાં રૂપિયા એક લાખ માંગ્યા

**પતિ તથા સાસરિયાએ ગાળો બોલી, જાનથી મારવાની ધમકી આપી**

ધારી, તા.૨૨

ધારીના કુબડા ગામે રહેતી એક પરિણીતાએ પ્રેમલગ્ન કર્યા હતા. આ લગ્ન તેમના સાસરિયાને મંજૂર નહોતા. જેથી દુઃખ-ત્રાસ આપતા હતા. પતિએ તેના પિતા પાસેથી એક લાખ રૂપિયા દહેજમાં લાવવાની માંગણી કરી હતી, તેમજ ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી હતી. સુનીતાબેન દિપકભાઈ મકવાણા (ઉ.વ.૨૯) એ પતિ દિપકભાઈ નાનજીભાઈ મકવાણા, સસરા નાનજીભાઈ ગોવાભાઈ મકવાણા, મહેન્દ્રભાઈ નાનજીભાઈ મકવાણા તથા હંસાબેન નાનજીભાઈ મકવાણા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમણે દિપકભાઈ નાનજીભાઈ મકવાણા સાથે પ્રેમલગ્ન કર્યા હોવાથી આ વાત આરોપીઓને સ્વીકાર્ય નહોતી. જેથી આરોપીએ તેમને અવારનવાર કામકાજ મુદ્દે મેણા-ટોણા મારીને દુઃખ-ત્રાસ આપતા હતા. ઉપરાંત તેના પતિએ તેમના પિતા પાસેથી દહેજમાં એક લાખ રૂપિયા લાવવાની માંગણી કરીને ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી હતી. પતિ સહિત અન્ય આરોપીએ ઢીકાપાટુનો માર મારી મુંઢ ઈજા પહોંચાડી હતી. ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ સિકંદરભાઈ એસ. સૈયદ વધુ તપાસ કરી રહ્યા છે.

# નદીમાં નહાવા ગયેલા નાના માચીયાળા ગામના યુવકનું ડૂબી જવાથી મોત

અમરેલી, તા.૨૨

અમરેલીના નાના માચીયાળા ગામે રહેતા દાનજીભાઈ માણસુરભાઈ ચાચીયા (ઉ.વ.૬૨)એ જાહેર કર્યા મુજબ, સુમીતભાઈ દાનજીભાઈ ચાચીયા (ઉ.વ.૩૧) માનસિક બીમાર હતા. તેઓ બે દિવસ પહેલા ઘરેથી વાડીએ જવાનું કહીને નીકળ્યા હતા અને ત્યારબાદ પરત ફર્યા નહોતા. તેમની લાશ વાડી ખેતરને અડી આવેલી નદીમાંથી મળી હતી. તેઓ નદીમાં નહાવા જતાં પાણીમાં ડૂબી ગયા હતા. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.ડી. અમરેલીયા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ: છઠ્ઠ
તા. ૨૩-૦૯-૨૦૨૪, સોમવાર, સૂર્યોદય-૦૬:૧૦,
સૂર્યાસ્ત-૦૬:૧૫, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: રોહિણી

## દૈનિક રાશિફળ

તા.૨૩-૦૯-૨૦૨૪ સોમવાર

મેષ: આજે તમારી આસપાસ કોઈ સુખદ વાતાવરણ રહેશે. કેટલાક મોટા વ્યવહારોની સમસ્યા જે ઘણા દિવસોથી ચાલી રહી છે તે ઉકેલાઈ શકે છે.

વૃષભ: આજનો દિવસ પુત્ર, પુત્રીની ચિંતા અને તેમના કાર્યોમાં વિતાવશો. વિવાહિત જીવનમાં ઘણા દિવસોથી ચાલી રહેલી સમસ્યા સમાપ્ત થઈ જશે.

મિથુન: તમારે કડવાશને મીઠાશમાં રૂપાંતરિત કરવાની કળા શીખવી પડશે. તમને તમારા જીવનસાથી તરફથી સહયોગ મળશે.

કર્ક: આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. સાસરિયા તરફથી રકમ મળી શકે છે. કોઈની સાથે યાદગાર મુલાકાત થવાની સંભાવના પણ છે.

સિંહ: આજનો દિવસ સંતોષપૂર્ણ અને શાંતિપૂર્ણ બની રહી શકે છે. સરકાર અને સત્તા વચ્ચેના જોડાણનો લાભ તમને મળી શકે છે.

કન્યા: આજે તમારો દિવસ મિશ્રિત રહેશે, પરંતુ સ્વાસ્થ્ય નરમ રહેશે. કોઈ પ્રતિકૂળ સમાચાર સાંભળીને તમારે અચાનક પ્રવાસ પર જવું પડી શકે છે.

તુલા: આજે કોઈ કિંમતી વસ્તુની ચોરીનો ભય રહેશે. બાળકોના શિક્ષણમાં અથવા કોઈપણ સ્પર્ધામાં સફળતાના સમાચારોને લીધે મનમાં આનંદ થશે.

વૃશ્ચિક: આજે સ્વાસ્થ્યનું વધુ ધ્યાન રાખવું પડશે. વાયુ વિકારની ફરિયાદો હોઈ શકે છે. બ્લડ પ્રેશરના દર્દીઓના રોગમાં વધારો થઈ શકે છે.

ધન આજે તમને પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળશે. આજીવિકાના ક્ષેત્રે ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી બનશે.

મકર: આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. રાજ્યમાં તમારી પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભકારી રહેશે.

કુંભ: આજે તમને ભાગ્યનો સહયોગ મળશે. રોજગાર-વ્યવસાયના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયત્નોમાં કલ્પનાત્મક સફળતા પ્રાપ્ત થશે.

મીન: આજની સ્થિતિમાં મન વિચલિત રહી શકે છે. આવકના નવા સ્ત્રોત સર્જાશે પરંતુ માનસિક મૂંઝવણને કારણે તમે લાભથી વંચિત રહી શકો છો.

# ડેડાણ ગામે 'દારૂ માટે દીવ જવાની જરૂર નથી, ડેડાણમાં મળી જશે'ની સોશિયલ મીડિયામાં ખોટી પોસ્ટ કરનારા સામે ફરિયાદ

**પોલીસને હપ્તા આપવામાં આવતા હોવાનો પણ પોસ્ટમાં કર્યો હતો ઉલ્લેખ**

ખાંભા, તા.૨૨

ખાંભાના ડેડાણ ગામે રહેતા ઈસમે 'દારૂ માટે દીવ જવાની જરૂર નથી, ડેડાણમાં મળી જશે, પોલીસને હપ્તા આપી ધંધો કરે છે' તેવી સોશિયલ મીડિયામાં પોસ્ટ કરતા તેની સામે ફરિયાદ નોંધવામાં આવી હતી. મજીદખા ઉસ્માનખા પઠાણ (ઉ.વ.૬૧)એ પ્રવિણભાઈ કાનાભાઈ પરમાર સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આ કામના આરોપીએ કાળા કલરના બોર્ડનો ફોટો પોતાના મોબાઈલ ફોનમાંથી સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો. જેમાં "તા.૧૭/૦૯/૨૦૪ પોલીસ મહેરબાન જય હિંદ જય ભારત" લખી તેની નીચે 'દારૂ માટે દિવ જવાની જરૂર નથી દારૂ ડેડાણમાં મળી જશે, પોલીસને હપ્તા આપી ધંધો કરે છે'ના શિર્ષક હેઠળ પોલીસના નામ કિશોરભાઈ ખાચર, ભીખુભાઈ ડી-સ્ટાફ, જમાદાર ડાભી, જમાદાર ડેડાણ હપ્તા લે છે, બુટલેગર દારૂ વેચનારના નામ લખી આ બધા દારૂની ભઠ્ઠી ચલાવે છે, જેમાં ડેડાણમાં ફિરોજ નથુ ખાન, મોસીન, રફીક કસરા, રાજુ નાગરીયા, અલ્તાફ પઠાણ, ચંગીજ ખાન, જમાલ બેલીમ" જે વિગત દર્શાવતા બોર્ડનો ફોટો પોતાના મોબાઈલમાં કંઈક જગ્યાએથી મેળવી તેમના દીકરાનું નામ તથા પોલીસ ઉપર ખોટા આક્ષેપો કરી લોકોને ગેરમાર્ગે દોરવાના હેતુથી તથા સુલેહ શાંતિનો ભંગ થાય તેવાં ઈરાદે બે જુથો અથવા કોમો વચ્ચે ખોટી માહિતી, અફવા બોર્ડના માધ્યમથી પ્રસિધ્ધ કરી હતી.

# સાવરકુંડલામાં પતિએ કામ ધંધો કરવા છતાં પૈસા ન આપી હેરાન કરતાં પત્નીએ ફિનાઈલ પીધું

**સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ વધુ તપાસ કરી રહ્યા છે**

સાવરકુંડલા, તા.૨૨

સાવરકુંડલામાં રહેતી એક પરિણીતાના પતિ તથા છોકરાઓ કામ-ધંધો કરતા હતા.

પરંતુ ઘરમાં પૈસા આપતા નહોતા અને અવારનવાર હેરાન કરતા હતા. જેથી મહિલાને લાગી આવતાં ફિનાઈલ પી લીધું હતું. બનાવ અંગે પ્રજ્ઞાબેન પ્રતાપગીરી ગોસ્વામી (ઉ.વ.૩૯)એ જાહેર કર્યા મુજબ, તેમના પતિ તથા છોકરાઓ કામ-ધંધો કરતા હતા પણ ઘરમાં પૈસા આપતા નહોતા અને અવારનવાર હેરાન કરતા હતા. જેથી તેમને લાગી આવતાં ફિનાઈલની બે ગોળી પાણી સાથે પી લીધી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ કિરણભાઈ બકુલભાઈ ગઢવી વધુ તપાસ કરી રહ્યા છે.

**બે દિવસ પહેલા તેમને તથા આરોપીને ફોનમાં બોલાચાલી તથા ગાળાગાળી થઈ હતી**

# ગોરડકા ગામે યુવકને જાનથી મારવાની ધમકી આપી

**ઘરે પડેલા વાહનોને પણ નુકસાન પહોંચાડ્યું**

સાવરકુંડલા, તા.૨૨

સાવરકુંડલાના ગોરડકા ગામે ભેંસ લે-વેચ બાબતે મનદુઃખમાં યુવકને ગાળો આપી જાનથી મારવાની ધમકી આપી હતી. ઉપરાંત તેના ઘરે પડેલા વાહનોને નુકસાન પહોંચાડ્યું હતું. ગોરડકા ગામે રહેતા સાગરભાઈ બાઘાભાઈ પરમાર (ઉ.વ.૨૬) એ વિજપડી ગામે રહેતા વિજયભાઈ હરીભાઈ ઉર્ફે હાજીભાઈ ચારોલીયા, અરવિંદભાઈ હરીભાઈ ચારોલીયા, અરવિંદભાઈનો મોટો દીકરો, અરવિંદભાઈ ચારોલીયાની પત્ની તથા જગાભાઈ ખોડાભાઈ ચારોલીયાનો દીકરો, દોલતી ગામે રહેતો જીવણભાઈ ચારોલીયાનો દીકરો તથા ગોરડકા ગામે રહેતા મનસુખભાઈ વેલાભાઈ ચારોલીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ તથા વિજયભાઈ હરીભાઈ ચારોલીયા ભેંસો લે-વેચનો ધંધો કરતા હતા. આશરે ત્રણેક વર્ષ પહેલા કોડીનાર ખાતેની એક ભેંસ લે-વેચ બાબતે મનદુઃખ ચાલતું હતું. બે દિવસ પહેલા તેમને તથા આરોપી વિજયને ફોનમાં બોલાચાલી તથા ગાળાગાળી થઈ હતી. જેનું મનદુઃખ રાખી આરોપીઓએ એકસંપ કરી ગેરકાયદે મંડળી રચી કુહાડી તથા પાઈપ જેવા જીવલેણ હથિયારો ધારણ કરી ફોર વ્હીલ લઈ તેના ઘર પાસે આવી ગાળો બોલ્યા હતા તેમજ સાહેદ પ્રવિણભાઈના માથામાં કુહાડી મારી હતી અને સાહેદ રાણીબેનને જમણા હાથ ઉપર પાઈપ વડે માર મારી ફેક્ચરની ઈજા કરી હતી. સાથેના અન્ય આરોપીઓએ સાહેદ પ્રવિણભાઈને આડેધડ માર મારી ગંભીર ઈજા પહોંચાડી તથા તેમના ઘરે પડેલ વાહનોને નુકસાન કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પીએસઆઈ બી.પી.પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાના ઝાંઝરડા ગામે વાડીએ પુરુષને કાળોતરો કરડ્યો

રાજુલા, તા.૨૨

રાજુલાના ઝાંઝરડા ગામે વાડીએ રહેતા એક પુરુષને સર્પે દંશ માર્યો હતો. બનાવ અંગે મૂળ રાજુલાના ડોળીયા ગામના અને હાલ ઝાંઝરડા ગામે ભોળાભાઈ ગોવિંદભાઈ જીંજાળાની વાડીએ રહેતા સતીબેન નરશીભાઈ ચૌહાણ (ઉ.વ.૪૫) એ જાહેર કર્યા મુજબ, તેઓ તેમના પરિવાર સાથે રાત્રે વાડીએ સુતા હતા. વહેલી સવારે તેમના પતિ નરશીભાઈ (ઉ.વ.૫૦)ને ડાબા પગની પીંડીએ સર્પે દંશ માર્યો હતો. જેથી તેમને સારવારમાં દાખલ કર્યા હતા.

તંત્રી લેખ

# ક્વાડ સંમેલનમાં ભારતની બોલબાલા

વિશ્વ શાંતિ માટે ભારતના પ્રયાસો હવે રંગ લાવે તેવી શક્યતાઓ ઊભી થઈ છે. હાલ અમેરિકામાં ચાલી રહેલા ચાર દેશોના સંમેલનની અંદર ઈન્ડો પેસિફિક મહાસાગર વિસ્તારમાં શાંતિની સ્થાપના થાય અને આ ચાર દેશોમાં વિકાસની નવી દિશાઓ ખુલે તે માટેની ચર્ચા અત્યારે અમેરિકામાં ચાલી રહી છે. ઈન્ડો પેસિફિક સમુદ્ર વિસ્તારમાં ચીનની દાદાગીરીને કંટ્રોલ કરવા માટે ચાર દેશોએ સંગઠન કર્યું છે. આ સંગઠનની એક મિટિંગ અમેરિકામાં ચાલી રહી છે તેમાં આ વિસ્તારના સામૂહિક વિકાસ માટેના એજન્ડાઓનો અમલ કરવા માટે આ ચારેય દેશના નેતાઓ તેના પ્રતિનિધિ મંડળ સાથે ઉપસ્થિત છે. ભારતે આ બાબતમાં મહત્વનો ભાગ ભજવીને આ વિસ્તારમાં શાંતિ સ્થપાય અને ટેન્શન ઘટે તે માટે અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને જાપાન સાથે સહયોગ આપવાનું ભારતનું વલણ સ્પષ્ટ કર્યું છે. આ વિસ્તારમાં ચીનના વધતા જતા આક્રમક વલણને કંટ્રોલ કરવા માટે અમેરિકા, ભારત, જાપાન અને ઓસ્ટ્રેલિયા શું કરી શકે આ માટે આ વિસ્તારની અંદર વધુ સમુદ્રી તાકાત કરવા અંગે પણ ચર્ચા કરવામાં આવી રહી છે. આ વિસ્તારના દેશોમાં વિકાસના પ્રશ્નોની પણ ચર્ચા કરી થઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકા ખાતે ત્યાં રહેતા ભારતીય સમુદાય સાથે પણ મિટિંગ કરવાના છે અને આ માટેની તૈયારી અમેરિકામાં જોરશોરથી ચાલી રહી છે. અમેરિકામાં વડાપ્રધાન મોદીની મુલાકાતથી ઉત્સાહનું વાતાવરણ છે તો બીજી બાજુ ભારત વિરોધી દેશોની અંદર તનાવની સ્થિતિ પ્રવર્તે છે ખાસ કરીને અત્યારે કાશ્મીરમાં ચૂંટણી ચાલી રહી છે ત્યારે ભારતની અંદર સક્રિય થયેલા ભાગલાવાદી તત્વો પણ આના કારણે ટેન્શન અનુભવી રહ્યા છે. કાશ્મીરમાં મુક્ત ચૂંટણી થતા ત્યાં લોકશાહી માટેના દરવાજા ખુલ્લા થયા છે અને વિકાસની એક નવી પરિસ્થિતિમાં ત્યાં અંકિત થશે. સાથોસાથ દક્ષિણ ચીન અને જાપાન સહિતના સમુદ્રોમાં આત્મ સુરક્ષાના વધુ યુદ્ધ જહાજો તૈનાત કરી તેની કવાયત પણ હાથ ધરી આ વિસ્તારમાં ચીનની તાકાતને કંટ્રોલ કરવા માટેનો પ્રયાસ પણ થશે. નરેન્દ્ર મોદીએ અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેનના હોમટાઉન વિલ્મિંગ્ટન, ડેલાવેરમાં ક્વાડ લીડર્સ સમિટમાં ભાગ લઈને તેમની ત્રણ દિવસીય મુલાકાતની શરૂઆત કરી છે. સમિટમાં નેતાઓ પાછલા વર્ષમાં જૂથની પ્રગતિની સમીક્ષા કરશે અને ભારત-પેસિફિક ક્ષેત્રના દેશોને તેમના વિકાસ લક્ષ્યો અને આકાંક્ષાઓને પૂર્ણ કરવામાં મદદ કરવા માટે આગામી વર્ષ માટે એજન્ડા સેટ કરશે. સમિટ પછી, જૂથના અન્ય નેતાઓ બાઈડેન, ઑસ્ટ્રેલિયન વડાપ્રધાન એન્થોની અલ્બેનિસ અને જાપાનના પ્રીમિયર ફ્યુમિયો કિશિદા સાથે મોદી દ્વિપક્ષીય બેઠકો કરશે. વિશ્વના ટોપ લેવલના રાજકીય વડાઓ સાથે ચર્ચા વિચારણા કરીને આ વિસ્તારના વિકાસના પ્રશ્નો અને તેના ઉપાયો અંગે માર્ગદર્શન આપશે.નરેન્દ્ર મોદી લોંગ આઈલેન્ડમાં ભારતીય ડાયસ્પોરા સાથે વાતચીત કરવા ન્યૂયોર્ક જશે. તેઓ AI, ક્વોન્ટમ કમ્પ્યુટિંગ, સેમિકન્ડક્ટર્સ અને બાયોટેકનોલોજીના અદ્યતન ક્ષેત્રોમાં બંને દેશો વચ્ચે વધુ સહયોગને પ્રોત્સાહન આપવા માટે યુએસ-સ્થિત અગ્રણી કંપનીઓના સીઈઓ સાથે પણ વાતચીત કરશે. મોદી ભારત-યુએસ દ્વિપક્ષીય લેન્ડસ્કેપમાં સક્રિય નેતાઓ અને અન્ય હિતધારકો સાથે પણ વાતચીત કરે તેવી અપેક્ષા છે. યુ.એસ.ની તેમની મુલાકાતના અંતિમ દિવસે, વડાપ્રધાન ન્યુયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં 'સમિટ ઓફ ધ ફ્યુચર'ને સંબોધિત કરશે. સમિટની થીમ 'બહેતર આવતીકાલ માટે બહુપક્ષીય ઉકેલો' છે. ક્વાડ ચાર દેશો-ભારત, ઑસ્ટ્રેલિયા, જાપાન અને યુનાઈટેડ સ્ટેટ્સને એકસાથે લાવે છે-જેઓ વિશ્વ માટે એક બળ તરીકે કામ કરવા અને સમૃદ્ધ અને સ્થિતિસ્થાપક ઈન્ડો-પેસિફિકને સમર્થન આપવા માટે પ્રતિબદ્ધ છે જે ખુલ્લું, મુક્ત અને સમાવિષ્ટ છે. ક્વાડ લીડર્સ સમિટમાં રશિયા-યુક્રેન સંઘર્ષ, પશ્ચિમ એશિયામાં વધતો તણાવ અને ઈન્ડો-પેસિફિકની સ્થિતિ જેવા વૈશ્વિક પડકારોને દબાવવાની તૈયારી છે. સમિટમાં એક રચનાત્મક એજન્ડા હશે જેમાં ઈન્ડો-પેસિફિકના વિકાસની પ્રાથમિકતાઓ પર ભાગીદારો દ્વારા કામ, ટકાઉ વિકાસ લક્ષ્યોને અમલમાં મૂકવું અને જાહેર માલસામાનની ડિલિવરી કરવી. તેમાં ઝડપ લાવવા માટે પ્રયાસો કરવા પર ભાર મૂકશે.

# સ્પર્ધાત્મક પરીક્ષા માટે ગણિતનું માર્ગદર્શન

પ્રિય વિદ્યાર્થીમિત્રો,

ગુજરાતમાં લેવાતી **UPSC, GPSC** તથા કર્મચારીઓની ભરતી માટેની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓને સૌથી વધુ મુશ્કેલી ગણિતનાં પ્રશ્નોમાં પડે છે. અહીં આપણે તેમાં પૂછાતા નળ-ટાંકી, સમય-કાર્ય, કાર્યક્ષમતા, મજદૂરી-વેતન, ઝડપ-અંતર, ઘડિયાળનાં બે કાંટા વચ્ચેનાં ખૂણા જેવા પ્રશ્નોને સરળતાથી સમજી ઉકેલી શકાય તેવી ટેકનિકો શીખીશું. શરૂઆત નળ-ટાંકીનાં પ્રશ્નોથી કરીશું

**1.** નળ A ને એક ટાંકી ભરતા 10 મિનિટ અને નળ B ને આ ટાંકી ભરતા 15 મિનિટ લાગે છે. તો બંને નળને સાથે ચાલુ કરતા આ ટાંકી ભરતા કેટલો સમય લાગશે ?

● અહીં આપણે આ દાખલો ત્રણ રીતે શીખીશું.

<u>રીત : ૧</u>- નળ A દ્વારા 1 કલાકમાં ભરાતી ટાંકી- $\frac{1}{10}$ ભાગ

નળ B દ્વારા 1 કલાકમાં ભરાતી ટાંકી- $\frac{1}{15}$ ભાગ

બંને નળ દ્વારા 1 કલાકમાં ભરાતી ટાંકી- $\frac{1}{10}+\frac{1}{15}=\frac{3+2}{30}=\frac{5}{30}$

$= \frac{1}{6}$ ભાગ

$\frac{1}{6}$ માં ભાગની ટાંકી ભરાતા લાગતો સમય- 1 કલાક

1 ટાંકી ભરાતા લાગતો સમય- $1 \times \frac{6}{1} =$ (6 કલાક) જવાબ

<u>રીત : ૨</u> સૂત્ર- $T = \frac{xy}{x+y} = \frac{10 \times 15}{10+15} = \frac{150}{25} =$ (6 કલાક)

<u>રીત : ૩</u> સૌ પ્રથમ 10 અને 15 નો લ.સા.અ. 30 મેળવીશું.

A- 10 (3), B- 15 (2) → લ.સા.અ. 30; $\frac{30}{3+2}$ કુલ કામ $= \frac{30}{5}$ (6 કલાક)

**2.** એક ટાંકી ઉપરનાં નળથી 6 કલાકમાં ભરાય છે અને તળિયાનાં નળથી 9 કલાકમાં ખાલી થાય છે. બંને નળ સાથે ચાલુ કરવામાં આવે તો ટાંકી કેટલા સમયમાં ભરાય ?- અહીં એક નળ ભરે છે બીજો ખાલી કરે છે. બાદબાકી કરીશું.

<u>રીત : ૨</u> સૂત્ર- $T = \frac{|xy|}{x+y} = \frac{6 \times 9}{|6-9|} = \frac{54}{3} =$ (18 કલાક)

<u>રીત : ૩</u> સૌ પ્રથમ 6 અને 9 નો લ.સા.અ. 18 લઈશું.

A- 6 (3), B- 9 (2) → 18; કુલ કામ-18 તેથી $\frac{18}{3-2} =$ (18 કલાક)

હવે પછીનાં દાખલામાં રીત-૧ જાતે શીખવાનો પ્રયત્ન કરો.

**3.** એક ટાંકી નળ A 10 કલાકમાં અને નળ B 6 કલાકમાં ભરે છે અને નળ C 15 કલાકમાં ખાલી કરે છે. તો ત્રણેય નળ સાથે ચાલુ કરતા ટાંકી કેટલા સમયમાં ભરાય ?

<u>રીત : ૨</u> નળ $A+B = \frac{xy}{x+y} = \frac{10 \times 6}{10+6} = \frac{60}{16} = \frac{15}{4}$ કલાક

હવે $A+B-C = \frac{15/4 \times 15}{|15-15/4|} = \frac{225/4}{45/4} = \frac{225}{45} =$ (5 કલાક)

<u>રીત : ૩</u> સૌ પ્રથમ 10, 6 અને 15 નો લ.સા.અ. 30 મેળવીશું.

A- 10 (3), B- 6 (5), C- 15 (2) → 30 તેથી કુલ કામ $\frac{30}{3+5-2} = \frac{30}{6} =$ (5 કલાક)

નોંધ : મિત્રો, લ.સા.અ.ની રીત સહેલી લાગે છે ને !

**4.** એક ટાંકી નળ-A થી 40 મિનિટમાં અને નળ-B થી 60 મિનિટમાં ભરાય છે. બંને નળને 16 મિનિટ ચાલુ રાખી નળ A ને બંધ કરતા બાકીની ટાંકી નળ B થી કેટલા સમયમાં ભરાય ?

<u>રીત : ૨</u> $A+B=T=\frac{xy}{x+y}=\frac{60 \times 40}{60+40}=$ 24 મિનિટ

તેથી બંને નળથી ટાંકી 24 મિનિટમાં ભરાય છે. પરંતુ બંને નળ 16 મિનિટ ચાલુ છે.

તેથી 16/24 = ⅔ ટાંકી ભરાય. 1/3 બાકી રહે.

તેથી 1/3x60 = (20 મિનિટ)

<u>રીત : ૩</u> સૌપ્રથમ 40 અને 60 નો લ.સા.અ. 120 લઈશું.

A- 40 (3), B- 60 (2) → કુલ કામ 120; A+B=3+2=5

બંને નળ 16 મિનિટ ખુલ્લા છે 16x5=80

બાકી વધેલો ભાગ = 120-80=40

તેથી નળ B થી ભરાતા લાગતો સમય $= \frac{40}{2} =$ (20 મિનિટ)

**5.** નળ A ને એક ટાંકી ભરતા 20 મિનિટ, નળ B ને આ ટાંકી ભરતા 30 મિનિટ લાગે છે. નળ A ચાલુ કર્યા બાદ 10 મિનિટ પછી નળ B ખોલવામાં આવે છે તો ટાંકી ભરાતા કુલ કેટલી મિનિટ લાગે ?

> **કારકિર્દી માર્ગદર્શન**
> - અમરેલી ગણિત વર્તુળ
> આર.વી. વિસાવળિયા
> રાજ્ય-રાષ્ટ્રીય એવોર્ડ વિનર આચાર્ય
> મો. ૯૪૨૭૫ ૫૭૦૫૦

સૌપ્રથમ 20 અને 30 નો લ.સા.અ. 60 લઈશું

A- 20 (3), B- 30 (2) → કુલ કામ 60; નળ A થી 10 મિનટમાં- 10x3=30

તેથી બાકી વધતું કામ = 60-30=30

હવે બંને નળ ચાલુ થાય છે. A+B = 3+2=5 તેથી $\frac{30}{5}$ = (6 મિનિટ)

**6.** નળ A ને એક ટાંકી ભરતા 36 મિનિટ અને નળ B ને આ ટાંકી ભરતા 45 મિનિટ લાગે છે. નળ C આ ટાંકી ૩૦ મિનિટમાં ખાલી કરે છે. જો નળ A અને B ચાલુ કરી 7 મિનિટ બાદ નળ C ચાલુ કરવામાં આવે તો ટાંકી ભરાતા કેટલો સમય લાગે ?

સૌ પ્રથમ 36, 45 અને 30 નો લ.સા.અ. 180 લઈશું.

A- 36 (5), B- 45 (4), C- 30 (6) → 180

શરૂઆતમાં 7 મિનિટ A+B નળ ચાલુ છે.

તેથી A+B= 5+4=9

તેથી 7 મિનિટમાં 7x9=63

તેથી બાકી વધતું કામ = 180 - 63=117

7 મિનિટ પછી નળ C ચાલુ થાય છે.

તેથી A+B-C = 5+4-6=03

તેથી 11 7/3 = 39 મિનિટ

તેથી ટાંકી ભરાતા લાગતો સમય મિનિટ = 7+39= (46 મિનિટ)

**7.** પાઈપ A ને એક ટાંકી ભરતા 24 મિનિટ અને પાઈપ B ને આ ટાંકી ભરતા 32 મિનિટ લાગે છે. જો બંને પાઈપ એક સાથે ખોલવામાં આવે તો કેટલા સમય પછી પાઈપ B બંધ કરવી જોઈએ કે જેથી ટાંકી 18 મિનિટમાં ભરાય ?

સૌપ્રથમ 32 અને 24 નો લ.સા.અ. 96 લઈશું.

A- 24 (4), B- 32 (3) → 96

અહીં નળ A , 18 મિનિટ ચાલુ જ રહે છે.

તેથી A દ્વારા થતું કામ = 18x4=72

અહીં કુલ કામ 96 છે. તેથી બાકી વધતું કામ =96-72=24

તેથી B થી થતું કામ = 24 તેથી 24/3 = (8 મિનિટ)

તેથી પાઈપ B ને 8 મિનિટ પછી બંધ કરવી જોઈએ.

**8.** નળ A ને એક ટાંકી ભરતા 10 કલાક અને નળ B ને આ ટાંકી ભરતા 15 કલાક લાગે છે. તો બંને નળ સાથે મળીને 1 કલાકમાં કેટલી ટાંકી ભરી શકે ?

સૌપ્રથમ 10 અને 15 નો લ.સા.અ. 30 લઈશું.

A- 10 (3), B- 15 (2) → 30

અહીં બંને નળ સાથે 1 કલાક ટાંકી ભરે છે.

તેથી A+B=3+2=5

$\frac{\text{થયેલ કામ}}{\text{કુલ કામ}} = \frac{5}{30} = \frac{1}{6}$ ટાંકી ભરાશે

નોંધ : આખી ટાંકી ભરાતા 6 કલાક થશે.

**9.** નળ A એક ટાંકી 15 કલાકમાં ભરે છે. પરંતુ લીકેજના કારણે ટાંકી ભરાતા 20 કલાક લાગે છે. જો ટાંકી સંપૂર્ણ ભરાયેલી હોય તો લીકેજના કારણે ખાલી થતાં કેટલો સમય લાગશે ?

સૌપ્રથમ 15 અને 20 નો લ.સા.અ. 60 લઈશું.

A- 15 (4), B- 0, A-B- 20 (3) → 60

અહીં લિકેજને આપણે નળ B ધારીશું

અહીં A=4 અને A-B=3

તેથી B= 4-3 =1

તેથી સંપૂર્ણ ભરાયેલ ટાંકી લીકેઝ B થી ખાલી થતાં લાગતો સમય $= \frac{60}{1} =$ (60 મિનિટ)

● મિત્રો, નીચે આપેલા આવા જ દાખલાઓ ગણવાનો પ્રયત્ન કરો. જવાબ આવતા અંકમાં આપીશું.

**[A]** નળ A ને ટાંકી ભરતા 20 મિનિટ અને નળ B ને 30 મિનિટ લાગે તો બંને નળ સાથે ચાલુ કરતા આ ટાંકી કેટલા સમયમાં ભરાય ?

**[B]** નળ A એક ટાંકી 10 મિનિટમાં ભરે છે. નળ B આ ટાંકી 15 મિનિટમાં ખાલી કરે છે તો બંને નળ સાથે ચાલુ કરવામાં આવે તો ટાંકી કેટલા સમયમાં ભરાય ?

**[C]** એક ટાંકીના તળિયે એક નાનો અને એક મોટો નળ છે. નાના નળથી ટાંકી 6 કલાકમાં અને મોટા નળથી 4 કલાકમાં ખાલી થાય છે. બંને નળ સાથે ચાલુ કરીએ તો ટાંકી કેટલા સમયમાં ખાલી થશે.

**[D]** એક ટાંકી નળ A 10 મિનિટમાં અને નળ B 12 મિનિટમાં ભરે છે અને નળ C 20 મિનિટમાં ખાલી કરે છે તો ત્રણેય નળ ચાલુ કરતા ટાંકી કેટલા સમયમાં ભરાય ?

**[E]** એક ટાંકી નળ A 5 કલાકમાં નળ B 6 કલાકમાં ભરે છે અને નળ C 12 કલાકમાં ખાલી કરે છે તો ત્રણેય નળ સાથે ચાલુ કરતા ટાંકી કેટલા સમયમાં ભરાય ?

**[F]** A અને B બે નળ કોઈ ડોલ 12 મિનિટ અને 15 મિનિટમાં ભરે છે બંનેને એક સાથે ચાલુ કર્યા બાદ 3 મિનિટ પછી A ને બંધ કરીએ તો આ બાલદી ભરતા B ને કેટલો સમય લાગે ?

**[G]** A પાઈપ, B પાઈપ કરતા ત્રણગણી ઝડપથી તળાવ ભરે છે બંને પાઈપ સાથે મળી 36 મિનિટમાં તળાવ ભરે છે. તો ધીમી ગતિનાં પાઈપથી તળાવ કેટલા સમયમાં ભરાય ?

**[H]** નળ A એક ટાંકી 16 કલાકમાં ભરે છે પરંતુ લીકેજના કારણે ટાંકી ભરાતા 8 કલાક વધુ લાગે છે. જો ટાંકી સંપૂર્ણ ભરાયેલી હોય તો લીકેજનાં કારણે ખાલી થતાં કેટલો સમય લાગે ?

**[I]** નળ A ને એક ટાંકી ભરતા 15 કલાક થાય છે તો ટાંકીનો $\frac{2}{5}$ ભાગ ભરતા કેટલો સમય લાગે ?

**[J]** એક ટાંકી નળ A 4 કલાકમાં અને નળ B 6 કલાકમાં ભરે છે. બંને નળને વારાફરતી એક-એક ચાલુ કરવામાં આવે તો ટાંકી કેટલા સમયમાં ભરાય ?

<u>: ગયા અંકનાં જવાબો :</u>

1- A, 2-C, 3-B, 4-A, 5-D, 6-B, 7-C, 8-C, 9-A, 10-D

# જીવનમાં અટપટા આટાપાટા







**જીવન જીવવું સહેલું નથી**
**જાતે કરવું ,જતુ કરવું,**
**સૌને ગમવું સહેલું નથી.**
**આજે કરવું કાલે ભરવું,**
**એમ જ સૌને ગમતું નથી.**
**સાથે રહેવું, કપટ કરવું,**
**સહન કરવું ગમતું નથી.**



મનન ચિંતન

ભરત બાવીશી

જિંદગીની ઘટમાળમાં સૌ તાણાવાણાની જેમ વણાઈ ગયા હોય છે. કેટલીક સૂક્ષ્મ બાબતો એવી હોય છે જે બહાર દેખાતી નથી પણ કાયમ સાથે બેસનારના મનમાં અનુભવાતી હોય છે. આપણે એવું માનતા હોઈએ કે જે લોકો રોજ સાથે બેસતા હોય તેઓ એકબીજાની નાની મોટી બાબતો જાણતા હોય છે પણ હકીકતમાં એવું નથી હોતું, ઘણા બધા લોકો શરીરથી સાથે હોય પણ મનથી સાથે હોતા નથી. આવું બધું કોઈને કહેવું સહેલું નથી. અને મનમાં રાખીને સહન કરવું પણ સહેલું નથી. જિંદગીની ઘટમાળમાં સૌને સાથે રાખીને ચાલવું અને સૌની સાથે રહીને ચાલવું ખૂબ અઘરું હોય છે. બધું બરાબર હોય ત્યારે નાની નાની બાબતો મનમાં ખૂંચતી હોય છે અને જ્યારે મોટી મુશ્કેલી આવે ત્યારે આ નાની નાની બાબતો ગૌણ લાગે છે. સાથે બેસનાર પણ બધા એકબીજાને સમજી શકે એવા હોતા નથી અને સમજી શકે એવા હોય તે હરરોજ સાથે બેસનાર નથી હોતા. એકબીજાની મુશ્કેલીમાં સાથે રહેનાર પણ કાયમ સાથે બેસનાર નથી હોતા. સારામાં સૌ સાથે હોય છે પણ મુશ્કેલીમાં કોઈની સાથે ઉભુ રહેવું ખૂબ અઘરું કામ છે અને જેની સાથે ઊભા રહો એના માટે મુશ્કેલીમાં રાહતરૂપ થાય છે. બસ આમ જ જીવનની નૈયા ચાલતી રહે છે. ધૂપ છાંવ, ઠંડી ગરમી, તડકો છાયો આ બધું આવ્યા કરે પણ જો કોઈ અલબેલાનો સાથ હોય તો દુઃખમાં રાહત થાય છે. જીવનના આટાપાટા કે આટીઘૂંટી એવી આવે છે ત્યારે સાચી દિશા કે રસ્તો મળવો મુશ્કેલ હોય છે પણ થોડી ધીરજ, શ્રદ્ધા, ભક્તિ અને સાત્વિક વિચારો સાથે સાચા અને સારા લોકોનો સંગ જળવાઈ રહે તો જીવનની ગમે એવી મુશ્કેલીમાં પણ માર્ગ નીકળી શકે છે. આટાપાટામાં અટવાઈ ગયા પછી બહાર નીકળવા માટે અથાક પ્રયત્નો પછી પણ જો કોઈ રસ્તો સુઝે નહિ ત્યારે માણસ કરતાં ઈશ્વર પર વધુ ભરોસો રાખવાથી ઈશ્વર કોઈ ઈન્સાનને નિમિત્ત બનાવીને તમારી નજીક મોકલે છે ત્યારે આટાપાટામાંથી બહાર નીકળવાનો રસ્તો નીકળે છે. મુંઝવણ અને માર્ગદર્શન માટેના ઠેકાણા ખૂબ ઓછા હોય ત્યારે પણ યોગ્ય ઠેકાણું શોધવું ખૂબ અઘરું હોય છે. આવા વખતે આટાપાટામાંથી બહાર કાઢનાર કોઈ વિરલા દેવદૂત બનીને આવા વ્યક્તિઓ સાથે ઊભા રહે છે. આ સંસારમાં સ્વાર્થના સગા ઘણા બધા હોય છે પણ પરમાર્થ અને સેવાના કાર્યમાં કોઈને સાથ સહકાર આપવાનું કામ ખૂબ મહત્વનું છે.

# સફળ ખેડૂતને મળવા એકવાર લાઠી જજો





"જયાં-જયાં નજર મારી ઠરે ત્યાં યાદી ભરી આપની". અમરેલી જિલ્લાનાં લાઠી સ્ટેટના રાજવી કવિ કલાપીની ભૂમિ અને એથી આગળ વધી ઈતિહાસના પાના ફેરવવામાં આવે તો લગભગ સોમનાથ મહાદેવનું મંદિર તૂટતુ બચાવવા સોમનાથની સખાતે શહીદી વહોરનાર લાઠીના રાજવી શ્રી હમીરસિંહજી ગોહિલની યાદ ઈતિહાસમાં તાજી થાય. લાઠી એ વિકાસની ભૂમિ છે, અનેક ઔદ્યોગિક રત્નો લાઠીએ આપ્યા છે.

આ લાઠીના એક એવા સફળ ખેડૂતની વાત કરવી છે. પોતાના માતાને કેન્સરની બીમારી થઈ ડોકટરની સારવાર ચાલુ કરી અને ડોકટર સાથે ચર્ચા કરતા જાણવા મળ્યું કે વધુ પડતા પેસ્ટીસાઈડ અને રાસાયણિક ફર્ટીલાઈઝરના ઉપયોગથી ભયાનક કેન્સરની બીમારી થાય છે. ત્યારે કાળમીંઢ પથ્થરો સાથે બાથ ભીડનાર રાત-દિ મહેનત કરનાર ખેડૂતનું હૃદય દ્રવી ગયું અને રાસાયણિક ખેતી છોડવાનો નિર્ણય કર્યો. હા એ બીજા કોઈ ખેડૂત નહિ પણ આપણા લાઠીના કાળુભાઈ માયાભાઈ હુંબલ. ઝાઝી જમીન, પાણીની સગવડતા પણ સારી. કાળુભાઈનો અભ્યાસ ૧૦ ધોરણ સુધી છે પણ ગણતર ખુબ સારું છે. સુભાષ પાલેકરની વિવિધ શિબિરો કરીને પ્રાકૃતિક ખેતીનું જ્ઞાન મેળવ્યું. આજે ૩૨૮ વીઘા જમીનમાં ઝેરમુકત ખેતી કરે છે. અને ખેત પેદાશોનું વેલ્યુએડીશન કરીને વેચાણ કરે છે. છેલ્લા ૮ વર્ષથી પ્રાકૃતિક ખેતી કરે છે. કાળુભાઈ વાત કરતા કહે છે કે, ૧૦૦ વીઘા જમીનમાં સરગવાનું વાવેતર કરેલ છે અને સરગવાના પાનનો પાઉડર બનાવીને વેચાણ કરે છે. વર્ષમાં ૫ વખત પાનનું કટીંગ લેવામાં આવે છે. ગયા વર્ષે ૧૦૦ ટન ઉપર પાનનાં પાઉડરનું વેચાણ ૨૦૦ રૂપિયા કિલોના ભાવથી કરવામાં આવેલ હતું.

૪૦ વીઘા જમીનમાં ગયા વર્ષે રજકાનું વાવેતર કરીને રજકાનો પાઉડર જેને અંગ્રેજીમાં આલ્ફા-આલ્ફા તરીકે ઓળખવામાં આવે છે. જેની માંગ ગલ્ફનાં દેશોમાં છે. રજકાનો પાઉડર ૧ કિલોના રૂપિયા ૧૫૦ લેખે વેંચાણ કરેલ હતું. ગયા વર્ષ ૩૦ ટન જેટલો પાનનો પાઉડર બનાવીને વેચાણ કરેલ હતું.



ઝાકળનું એક બિંદુ

હિરેન હિરપરા

૧૦ વિઘા જમીનમાં ઘઉં અને જવનું વાવેતર કરીને જુવારાનો પાઉડર બનાવીને વેચાણ કરે છે. ઘઉં અને જવનાં જુવારામાં ન્યુટ્રીશન વેલ્યુ વધુ હોય લોકો આજે ઉપયોગ કરતા થયા છે. ૩૧ ટન જેટલો પાઉડર બનાવીને ૪૦૦ રૂપિયા કિલોના ભાવથી વેચાણ કરેલ છે.

કાળુભાઈ હુંબલના ફાર્મની એક વખત મુલાકાત લેવા જેવી છે. આધુનિક ખેતી વૈજ્ઞાનિક અભિગમ સાથે આજે આ ખેડૂતની નામના ગુજરાત અને ગુજરાત બહાર મેળવી છે. બે વખત રાજયપાલનાં હસ્તે સન્માન પ્રાપ્ત કર્યું છે. આજે સફળ ખેડૂતની સાથે સફળ ઈન્ડસ્ટ્રીયાલીસ્ટ એગ્રીકલ્ચરમાં બન્યા છે. આવા સફળ ખેડૂતનાં ફાર્મની મુલાકાત ખેડૂતો અને એગ્રીએન્ટરપ્રિન્યોરે લેવા જેવી ખરી. કાળુભાઈ હુંબલનો સંપર્ક નં. ૯૪૨૬૮ ૬૫૭૭૦ છે.

**-: તિખારો :-**

**મોબાઈલ અને સફળતા એ એવી ચીજ છે કે મોબાઈલનાં બિનજરૂરી વધુ ઉપયોગથી માનસિક નુકસાન છે. જયારે સફળતા એ ચીજ છે કે જો ચારિત્ર્ય ઉપર દાગ લાગ્યો એટલી સફળતા શૂન્ય. બન્નેને સાચવીને ઉપયોગ કરવો રહ્યો.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

સંજોગ ન્યૂઝ લીલોતરી

# અઠવાડિક ખેતી કાર્યો



ડો. જી. આર. ગોહિલ
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ

**મગફળી:**

» મગફળી જો ઉપાડતા હોય તો ડોડવા ઓછા તૂટે તેનું ધ્યાન રાખવું.

» ભેજવાળી મગફળીનો સંગ્રહ કરવો નહિ.

» વરસાદની આગાહી ધ્યાનમાં રાખી મગફળી ઉપાડવી.

**દિવેલા:**

» ઘોડીયા ઈયળના નિયંત્રણ માટે ક્વીનાલફોસ (૦.૦૫%) ૨૦ મિ.લિ. અથવા ક્લોરપાયરીફોસ (૦.૦૪%) ૨૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ઓગાળી ૧૫ દિવસના અંતરે બે છંટકાવ કરવા.

» પુખ્ત ચાંચવાને મારવા માટે ક્વીનાલફોસ ૧.૫ ટકા ભૂકી અથવા ફેનવાલરેટ ૦.૪ ટકા ભૂકી પ્રતિ હેક્ટરે ૨૫ કિગ્રા પ્રમાણે કપાસના પાક પર છાંટવી. આ દવા શેઢાપાળા પર પણ છાંટવી.

» કપાસ સાવ સુકાઈ ગયો હોય અથવા રીકવર થાય તેમ ન હોય તો તેને ઉપાડી સાંઠીયુંને ખાડમાં નાખી દેવી.

» રવિ પાક માટેનું આયોજન કરો.

» MDP ટ્યુબનો ગુલાબી ઈયળ માટે ઉપયોગ કરો. હેક્ટરમાં ૧૦૦૦ ટપકા મુકવા.

» વરસાદ પછી વધુ ભેજ હોય તો એમોનિયમ સલ્ફેટ ખાતર આપવું. સારી સ્થિતીમાં વરાપ હોય તો યુરીયા ખાતર આપવું.




» વૃદ્ધિ માટે ૧૯-૧૯-૧૯ , ૧૦૦ ગ્રામ સાથે ગ્રેડ-૪ માઈક્રોન્યુટ્રીયન્ટ પમ્પમાં ૨૫ ગ્રામ નાખી છંટકાવ કરવો.

» અત્યારે ખાસ કરીને ૪ જી તેમજ ૫ જી માં વચ્ચે છોડ પીળા પડી સુકાઈ જાય છે તો તેના માટે તેમાં વધારાનો ખર્ચ કરશો નહિ.

**તલ:** ઉભડામાં લાગતા કાળા ભૂરા ચુસીયા માટે ખેતરમાં ઉભડા કરવાની જગ્યાએ તથા ઉભડા ફરતે જમીન ઉપર સાઈપરમેથ્રીન ૦.૨૫ % ભુકીનો છંટકાવ કર્યા પછી જ તલના ઉભડા કરવા. ઉભડા ઉપર દવાનો છંટકાવ કરવો નહી. આમ કરવાથી જંતુનાશક દવા તલના દાણાં સાથે ભળતી અટકાવી શકાય.

ઘઉં: ઘઉંનું વહેલા વાવેતર કરવું નહિ.

**તુવેર : તડતડિયા**

**ઓળખ :** બચ્ચાં તેમજ પુખ્ત બંને આછા-લીલા રંગના અને ફાચર આકારના હોય છે અને તેમને અડકતા ત્રાંસા ચાલે છે. પાંખની પહેલી જોડની પાછળની ધાર પાસે કાળા ટપકાં હોય છે. છોડને સહેજ હલાવતા પુખ્ત કીટકો ઉડે છે અને તડ-તડ અવાજ પણ આવે છે.

**નુકસાન :** બચ્ચાં તેમજ પુખ્ત કીટક છોડનાં કુમળા ભાગમાંથી રસ ચૂસે છે. પરિણામે પાનની ધાર પીળી પડી જાય છે. વધારે ઉપદ્રવ થતાં પાન નિસ્તેજ બની અંદરની બાજુ વળી વાટકા આકારના થઈ જાય છે. વધુ ઉપદ્રવને લીધે પાન તામ્રવર્ણા થઈ સુકાવા લાગે છે અને અંતે ખરી પડે છે, જેથી પાક ઉત્પાદન પર માઠી અસર થાય છે. આ જીવાત ખાસ કરીને ચોળા તેમજ મગનાં પાકમાં વિશેષ પ્રમાણમાં નુકસાન કરે છે.

પાકની વાવણી પહેલા કાર્બોફ્યુરાન ૩જી ૩૦ કિ.ગ્રા./ હે. પ્રમાણે ચાસમાં આપવાથી પાકને શરૂઆતની અવસ્થામાં તડતડીયા અને અન્ય ચૂસિયા પ્રકારની જીવાતના નુકસાનથી બચાવી શકાય છે. વધુ ઉપદ્રવ જણાય તો શોષક પ્રકારની દવા, જેવી કે ડાયમીથોએટ ૧૦ મિ.લિ. અથવા ફ્લોનીકામાઈડ ૩ ગ્રામ અથવા થાયામીથોક્ઝામ ૪ ગ્રામ અથવા ઈમિડાક્લોપ્રીડ ૪ મિ.લિ. દવા ૧૦ લિટર પાણીમાં મેળવીને જરૂરત મુજબ છંટકાવ કરવો.

**પરભક્ષી કીટકો:** પરભક્ષી કીટકોમાં દાળિયા (લેડી બર્ડ બીટલ), ક્રાયસોપા અને પરભક્ષી ચૂસિયાં નુકસાનકારક જીવાતના જૈવિક નિયંત્રણ માટે અગત્યના છે. દાળિયાની ઇયળ અને પુખ્ત એમ બંને અવસ્થા મોલો, તડતડીયાં, સફેદમાખી, થ્રીપ્સ, ચિટકો અને ભીંગડાવાળી જીવાતનું ભક્ષણ કરી તેની વસ્તીનું કુદરતી રીતે જ નિયંત્રણ કરે છે. આ પરભક્ષી કીટકને આપણે ત્યાં પ્રયોગશાળામાં મોટા પાયા પર ઉછેરવાની તાંત્રિકતા હજુ સુધી વિકસાવેલ જ હોય વ્યાપારી ધોરણે ઉત્પાદન થતું નથી. તે જ રીતે ક્રાયસોપા કે જેને ખેડૂતો લીલી પોપટી તરીકે ઓળખે છે. તેની ઇયળ મોલો ઉપરાંત અન્ય પોચા શરીરવાળી જીવાતો અને લીલી ઇયળના ઇંડાં પર નભે છે. ક્રાયસોપાની ઇયળ પોતાના ૬ થી ૮ દિવસના જીવનકાળ દરમ્યાન લગભગ ૨૫૦-૩૦૦ જેટલી મોલોનો સંહાર કરે છે. કપાસનાં પાક ફરતે મકાઈ અને જુવારને ઉગાડવાથી તેની પરાગરજ પર ક્રાયસોપા અને દાળિયા નભે છે અને આવા પરભક્ષી કીટકોની વસ્તી વધતી હોવાનું જણાયેલ છે. સામાન્ય રીતે કપાસના પાકમાં પ્રતિ હેક્ટર વિસ્તાર દીઠ ૧૦ થી ૧૪ હજાર ક્રાયસોપાની ઇયળો (૨ થી ૩ દિવસની) છોડવાથી મોલોની વસ્તી કાબૂમાં રહે છે. ટ્રાયકોગ્રામા ભમરીની માફક ક્રાયસોપાને પણ ચોખાના ફૂદાંના ઇંડા પર પ્રયોગશાળામાં મોટા પાયા પર ઉત્પન્ન કરી શકાય છે તેથી કેટલાક રાજયોમાં તે વ્યાપારી ધોરણે મળતા થયા છે. દાળિયાં અને ક્રાયસોપા ઉપરાંત મેન્ટીડ, સ્ટેફેલીનીડ, ટાઈગર બીટલ( શિકારી ઢાલીયા) જુદી જુદી જાતિના કરોળિયાં વગેરે નુકસાનકારક જીવાતોનું ભક્ષણ કરી કુદરતી રીતે તેની વસ્તી કાબૂમાં રાખે છે.




**તલ:** અર્ધ શિયાળુ તલ માટે પૂર્વા તલ – ૧નું વાવેતર કરવું.

**શાકભાજી:**

» શાકભાજીમાં ભૂકી છારાના નિયંત્રણ માટે થયોફેનેટ મિથાઇલ ૭૦ ટકા વે.પા. ૭ ગ્રામ ૧૦ લિટર પાણીમાં નાખી છંટકાવ કરવો.

» સફેદમાખીના નિયંત્રણ માટે ઈમીડાક્લોપ્રીડ ૦.૦૦૫ ટકા (૧૦ મિ.લિ./૧૦ લિટર પાણી), ટ્રાયઝોફોસ ૦.૦૪ ટકા (૧૦ મિ.લિ./૧૦ લિટર પાણી) અથવા મિથાઈલ-ઓ-ડીમેટોન (૧૦ મિ.લિ./૧૦ લિટર પાણી) પૈકી કોઈપણ એક દવાનો છંટકાવ વારાફરતી કરવો.

**જુવાર:**

» જુવારના મધિયાથી બચવા માટે ઝાયરમ ૦.૨ ટકાના બે છંટકાવ જેમાં પ્રથમ છંટકાવ ફૂલ અવસ્થા પહેલાં અને બીજો છંટકાવ ૫૦% ફૂલ અવસ્થા દરમ્યાન કરવાથી મધિયાના રોગને કાબૂમાં લઈ શકાય છે.

» ઘાસચારાની જુવાર દાતરડાથી વાઢી પાથરી સુકવી વહેલી સવારમાં પૂળા બાંધી ઓઘલા કરી સૂર્યના તાપમાં સુકવી દઈ યોગ્ય જગ્યાએ સંગ્રહ કરવો.

**મકાઇ:**



» મકાઈમાં ગાભમારાની ઈયળ ના નિયંત્રણ માટે ઉગાવા પછી ૩૦ થી ૪૦ દિવસે કાર્બોફ્યુરાન ૩જી ૧૦ કિ./હે છાંટવાની ભલામણ છે

» બાજરીમાં ડુંડા અવસ્થાએ ફુલ બેસવાના સમયે થાયરમ ૨૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

» બીડી તમાકુમાં ધરું ઉછેરમાં એઝોક્સીસ્ટ્રોબીન ૧૦ મિ.લિ. / ૧૦ લિટર પાણીમાં નાખી, ધરુંવાડિયામાં છંટકાવ કરવો.

**ઔષધિય પાક (અશ્વગંધા) : કટ વોર્મ જીવાત**




» ઈયળોને હાથ વડે પકડીને તેનો નાશ કરવો.

» પાકની વાવણી પહેલા નીંદણનો વ્યવસ્થિત નિકાલ કરી નાશ કરવો.

» પાક વાવતી વખતે ચાસમાં કાર્બોફ્યુરાન ૩ જી ૩૩ કિગ્રા/હે. પ્રમાણે આપવું.

**બાગાયત:**

» લીંબુમાં ગુંદરીયાનાં નિયંત્રણ માટે બોર્ડોપેસ્ટ લગાવી અને ફોઝેટાઇલ ૦.૨% નો અસરગ્રસ્ત ઝાડમાં છંટકાવ કરવો.

» દેશી નાળીયેરીમાં ખારા પાણી ખેતીમાં ઝાડ દિઠ ૬૦ કિલો છાણીયું ખાતર આપવું.

**તુવેર:**

» તુવેરના પાકમાં ફુલ અવસ્થા અને શીંગોમાં દાણા ભરાવાની અવસ્થાએ ભેજની ખેંચ જણાય તો પિયત આપવું.

» લીલી ઇયળનાં નિયંત્રણ માટે નર ફૂદાને આકર્ષતા ફેરોમોન ટ્રેપ ગોઠવવા.

# સ્ટ્રોબેરીનું મહત્વ તેમજ ખેતી માટે અનુકુળ જમીન, આબોહવા અને જતો

ડો. જે. એસ. પરસાણા , પ્રો. શિવાની આર.પટેલ, ડો. બી. વી. હુમ્મર અને વિરાટ એમ. પરમાર, બાગાયત મહાવિદ્યાલય, જુ.કૃ.યુ., જુનાગઢ

પ્રસ્તાવના: ભારતમાં સ્ટ્રોબેરીની ખેતીનો પ્રચંડ વિકાસ થઈ રહ્યો છે, કારણ કે અન્ય પરંપરાગત પાકોથી તુલનાથી તેની ખેતીમાં વધુ નફાકારક વિશેષાંકીત કરવામાં આવ્યું છે. ભારતમાં સ્ટ્રોબેરીની ખેતી વિવિધ પ્રકારની જમીન અને આબોહવામાં પોલીહાઉસ, હાઈડ્રોપોનિકસ અને સામાન્ય રીતે ઉગાડી શકાય છે. આ પાકને વધુ નફાકારક ખેતીમાં સામેલ કરવામાં આવ્યો છે. સ્ટ્રોબેરીની ઉપજ સારી થવા ઉપરાંત ખાવામાં પણ ખૂબ જ આરોગ્યપ્રદ છે. સ્ટ્રોબેરી, જે શીત કટિબંધનો પાક છે, જેને ઉનાળામાં મોટા પાયે ઉગાડવામાં આવે છે, જ્યાં ઉનાળો પણ ઘણો ઠંડો હોય છે તેથી જમીનને ઠંડી પડતી રોકવા માટે અને સ્ટ્રોબેરીના ફળનો ભીની જમીન સાથે સીધો સંસર્ગ ન થાય તે માટે જમીન પર પરાળ (સ્ટ્રો) પાથરવામાં આવે છે તેથી આ બેરીનું નામ સ્ટ્રોબેરી પડેલ છે. મહારાષ્ટ્રના મહાબળેશ્વર જેવા વિસ્તારમાં શીત કટિબંધની જેમ આખા વર્ષ દરમ્યાન ઉષ્ણતામાન ખુશનુમા રહેતું હોવાથી જમીન સારી નિતારશકિત ધરાવતી અને મંદમંદ ઝરમર વરસાદ પડતો હોવાથી એક વખત રોપ્યા પછી સતત ત્રણ વર્ષ સુધી તે જ વાવેતરમાંથી સ્ટ્રોબેરી લણી શકાય છે.

ગુજરાતની પરિસ્થિતિ આ સ્થિતિથી વિપરીત છે. દક્ષિણ ગુજરાતમાં ભારે જમીન અને ભારે વરસાદને કારણે ચોમાસામાં ખેતરમાનાં સ્ટ્રોબેરીના છોડ નાશ પામે છે. જો કે ખેડૂતોના અનુભવ પ્રમાણે ઊંચાણવાણી જમીન પર સ્ટ્રોબેરીનું વાવેતર હોય અને ચોમાસા દરમ્યાન નીંદામણ કરવામાં ન આવે તો સ્ટ્રોબેરીના છોડ ચોમાસા દરમ્યાન મરતા નથી અને તેમાંથી નવા વાવેતર માટે રનર્સ મળી રહે છે. ગુજરાતના ઉત્તર ભાગ, કચ્છ અને સૌરાષ્ટ્રમાં ઉનાળામાં સખત ગરમીવાળા દિવસોને કારણે સ્ટ્રોબેરીના છોડનો વિકાસ રૂંધાઈ જાય છે. કેટલીકવાર સખત ગરમી અને લૂને કારણે ખેતરમાં જ છોડ મરી જવાની ભરપૂર શકયતાઓ રહેલી છે. ગુજરાતમાં સ્ટ્રોબેરીની ખેતી કરવી હોય, તો શિયાળો ઉતરતાં પાક લઈ લીધાં બાદ ખેડૂત પોતાના પાકમાંથી જ બીજા વર્ષ માટે નવા છોડ બનાવવા માગતા હોય તો જૂના વાવેતરમાંથી સારા રનર્સ પસંદ કરી પોલીહાઉસમાં ઉછેરી બીજા વર્ષે આ નવા છોડનું વાવેતર કરવું પડે છે અથવા સ્ટ્રોબેરીના છોડનું વેચાણ કરતી નર્સરીમાંથી નવા છોડ ખરીદવા પડે છે. ગુજરાતમાં સ્ટ્રોબેરીનું વાવેતર અમદાવાદ, વડોદરા, સુરત કે રાજકોટ જેવા મોટા શહેરોની આસપાસ કરવું હિતાવહ છે, જેથી ફળના સારા ભાવ મળી શકે. સ્ટ્રોબેરી એક ખૂબ નરમ ફળ છે, જે હળવું ખાટું અને સ્વાદમાં હળવું મીઠું હોય છે. તેનો રંગ તેજસ્વી લાલ હોય છે અને તેનો આકાર હૃદય જેવો છે. સ્ટ્રોબેરી એકમાત્ર એવું ફળ છે જેના બીજ બાજુએ હોય છે. સ્ટ્રોબેરી તેની અનોખી સુગંધ માટે જાણીતી છે. સ્ટ્રોબેરીમાં એન્ટીઓક્સિડેન્ટ્સ, વિટામીન સી, વિટામીન એ, પ્રોટીન અને મિનરલ્સનો સારો કુદરતી સ્રોત છે. તેમનો ઉપયોગ દાંતની ચમક વધારવા, નખ, આંખોની ચમક વધારવા માટે થાય છે. સ્ટ્રોબેરીમાંથી કેલ્શિયમ, મેગ્નેશિયમ, ફોલિક એસિડ, ફોસ્ફરસ અને પોટેશિયમ જેવા ખનીજ પણ મળે છે.




**જમીન-આબોહવા:** સ્ટ્રોબેરીનો પાક મોટા પ્રમાણમાં ગોરાડુ જમીન પર લઈ શકાય છે. આ જમીન ઉંચાણમાં, ભરભરી ગોરાડુ અને સારી નિતારશકિત ધરાવતી હોય તેવી જમીન વધુ અનુકૂળ આવે છે. ૬ પી.એચ. આંક ધરાવતી સારી નિતારવાળી, હલકી જમીન, પૂરતો ભેજ અને સેન્દ્રિય તત્વો અને કાંકરા–કચરા રહિતનું ૩૦ સે.મી. ઉચાઈનું પડ વધુ ઉત્પાદન માટે જરૂરી છે. ૬૮° થી ૭૦° ફે. નું તાપમાન સ્ટ્રોબેરીના વિકાસ માટે મહત્વપૂર્ણ છે અને તે દિવસમાં ૮ થી ૧૧ કલાકના સૂર્યપ્રકાશ કળીઓ બેસવા માટે અને છોડમાંથી નીકળતા નવા રનર્સનું ઉત્પાદન અટકાવવા માટે જરૂરી છે. જ્યારે હિમ પડે છે ત્યારે સ્ટ્રોબેરીને નુકસાન થાય છે પરંતુ જો સ્ટ્રોબેરીના ફૂલો ખુલ્યા હોય તો તેમને હિમથી ખૂબ જ ઓછું નુકસાન થાય છે. સ્ટ્રોબેરીના ફળના કદ, રંગ અને સુગંધના વિકાસ માટે ૮ થી ૧૦ કલાક સક્ષમ સૂર્યપ્રકાશની જરૂર હોય છે. આ પાક મોટા વૃક્ષોના છાંયાવાળા સ્થળે લેવો નહિ.

**જાતો:** સ્ટ્રોબેરીના પાકવાના દિવસોના આધારે સ્ટ્રોબેરીની જાતોને ત્રણ વર્ગમાં વહેંચવામાં આવે છે: ઘણી વહેલી પાકતી જાતો, મધ્યમ મોડી પાકતી જાતો અને મોડી પાકતી જાતો. ઘણી વહેલી પાકતી જાતો ગુજરાત રાજ્યનો ટુંકા ગાળાનો શિયાળો ધ્યાને રાખી અને સામાન્ય પરિસ્થિતિઓમાં ઉગાડવામાં પસંદ કરવામાં આવે છે. સ્ટ્રોબેરી એ સામાન્ય રીતે ઠંડા પ્રદેશનો પાક છે, પરંતુ હવે ઉષ્ણ કટિબંધ અને સમશીતોષ્ણ કટિબંધમાં ઉગાડવા માટેની જાતો ઉપલબ્ધ થવા માંડી છે. ગુજરાતના હવામાનમાં વિન્ટર ડાઉન, મેન્ડલર, સીલ્વા, પીરોઝા, કમાન્ડર, બેન્ટોન, વિન્ટર સ્ટાર, ઓફ્રા, કામરોસા, ચાંડલર, સ્વીટ ચાર્લી, બ્લેક પીકોક, એલિસ્ટા વગેરે જાતો ઉગાડી શકાય છે. આ ઉપરાંત, સુજાતા અને લાબેટા જાતો પણ અનુકૂળ ગણાય છે.

# કૃષિ ક્ષેત્રે ખેડૂતો માટે માહિતી સંચાર ટેકનોલોજી અંગેની સમજ



કૃષિ દેશની અર્થ વ્યવસ્થામાં અંદાજે ૧૭% જેટલું જીડીપીમાં યોગદાન અને અંદાજે ૬૦% વસ્તીને રોજગાર પ્રદાન કરે છે. આજે ભારત વિશ્વભરમાં તેજીથી બઢતી અર્થવ્યવસ્થા થઈ રહ્યું છે આ અર્થવવસ્થાની ગતિને કૃષિ ક્ષેત્રે ટકાવી રાખવામાં માહિતી સંચાર ટેકનોલોજીની માહિતી ખુબજ જરૂરી છે. આજે કૃષિ ક્ષેત્રે વિકાસ માટે સારું ઉત્પાદન સમયસર ટકાવી રાખવામાં માહિતી સંચાર ટેકનોલોજીની માહિતી ખુબજ મત્ત્વપૂર્ણ યોગદાન આપી શકે છે જેથી ખેડૂતોને આત્મનિર્ભર બનાવવામાં અને ખેતી ખર્ચ ઘટાડવામાં મહત્વનું યોગદાન આપે છે પરંતુ જાણકારીના અભાવે ખેડૂતમિત્રો જરૂરી યોજનાઓનો પૂર્ણ લાભ મેળવી શકતા નથી.

માહિતીની જરૂરિયાતોનું મૂલ્યાંકન: કૃષિમાં માહિતીની જરૂરિયાતો કૃષિ આબોહવા વિસ્તારો, હોલ્ડિંગના કદ, પાકની ખેતી, અનુસરવામાં આવતી ટેકનોલોજી બજારના આધારે ઘણી અને વૈવિધ્યસભર છે. ઓરિએન્ટેશન, કૌટુંબિક જરૂરિયાતો, હવામાનની સ્થિતિ વગેરે. કોઈપણ બજારની સફળતા માહિતીના પ્રસારણની પહેલ મોટા ભાગે આકારણી પર આધાર રાખે છે. અંતિમ વપરાશકર્તાની યોગ્ય માહિતી જરૂરિયાતો.

ખેડૂતો માટે માહિતીના સ્ત્રોત : ખેડૂતોને માહિતી સ્ત્રોતનો વિશાળ વપરાશ હોય છે જેમ કે ટેલિવિઝન, રેડિયો, અખબાર, અન્ય ખેડૂતો, સરકારી વિસ્તરણ સેવાઓ, વેપારીઓ, ઈનપુટ ડીલર, બીજ કંપનીઓ.

માહિતી સંચાર ટેકનોલોજીથી ભારતમાં માહિતીનો પ્રસાર : સરકાર, સહકારી ક્ષેત્ર, ખાનગી સંસ્થાઓ જેવા વિવિધ ખેલાડીઓ, એનજીઓ વગેરે વિવિધ ઉદ્દેશ્યો સાથે કૃષિ ક્ષેત્રમાં કાર્યરત છે. ઉત્પાદકતામાં વધારો, ખેડૂત સમુદાયની સુખાકારી અને કૃષિ-વ્યવસાય તકો માટે સતત કાર્યરત છે.

ડો. આર. કે. કાલરીયા, ડો. વિપુલકુમાર કે ગઢીયા
૧. અસ્પી શકીલમ બાયોટેકનોલોજી ઈન્સ્ટીટયુટ, નવસારી કૃષિ યુનિવર્સિટી, સુરત-૩૯૫૦૦૭
૨. ડો. વિપુલકુમાર કે. ગઢીયા, એગ્રીકલ્ચર કોલેજ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, મોટા ભંડારીયા, અમરેલી

| ક્રમાં.નં. | પહેલ | વર્ણન |
|---|---|---|
| ૧ | AGRISTNET https:// agrisnetodish.ori.nic.in/ | તમામ કૃષિ અને સલગ્ન પ્રવૃતિઓ વચ્ચે નેટવર્કિંગની સ્થાપના રાજયના કૃષિ વિભાગ સાથે બ્લોક સ્તર સુધીની કચેરીઓ અને માહિતીની પહોંચ સુધારવા માટે અને માહિતી સંચાર તકનીકોના ઉપયોગ દ્વારા ખેડૂત સમુદાયને સલાહકારી સેવાઓ પૂરી પાડવા માટે સંબંધિત પ્રવૃતિઓ. |
| ૨ | IKSL https://www.ifcco.in/en/kisan-sanchar-limited | ગ્રામીણ ખેડૂતોને સશકત બનાવવા માટે પ્રાદેશિક ભાષાઓમાં અવાજ આધારિત કૃષિ માહિતી પ્રદાન કરે છે. |
| ૩ | Ikisan https://www.ikisan.com/index.html | કૃષિ પોર્ટલ, ખેડૂત માટે વન-સ્ટોપ માહિતી સંસાધન પાક. પાક વ્યવસ્થાપન તકનીકો, ખાતરો પર ઓનલાઈન, વિગતવાર સામગ્રી પ્રદાન કરે છે. |
| ૪ | https://enam.gov.in/web/eNam-mandi-status | ભારતીય મંડીઓમાં ડિજિટલ મંડી અથવા ડિજીટાઈઝેશનનો અર્થ એ છે કે ડિજિટલ બજાર જ્યા ખેડૂતો એન કૃષિ મંડીના વેપારીઓ સરળતાથી તેમની પેદાશો ખરીદી અથવા વેચી શકે છે. |
| ૫ | e-agrikiosk https://saravananraj.in/2020/07/e-agrikiosk | ટચ સ્કીન કિઓસ્ક પ્રોજેકટને પાક, ચીજવસ્તુઓ અને સાહસો સહિત ખેતીની પધ્ધતિઓ વિશે માહીતી પૂરી પાડવા માટે સુગમતા પ્રદાન કરવામાં આવી હતી. |

**કૃષિ ક્ષેત્રે માહિતી સંચાર ટેકનોલોજી:**

માહિતી સંચાર ટેકનોલોજીથી કૃષિ ક્ષેત્રે ખેડૂતો માટે લાભ

**૧) એકોસ્ટિક શોધ ટેકનોલોજી:** એકોસ્ટિક શોધ પદ્ધતિઓ વિકસાવવામાં આવી છે અને અનાજ અને લાકડાના જંતુઓ શોધવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવી છે. તે છુપાયેલા જંતુઓનું ઝડપી, બિન-વિનાશક અને સ્વચાલિત દેખરેખ છે.

**૨) કૃષિમાં કૃત્રિમ બુદ્ધિ:** આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેક્નોલોજીઓ તંદુરસ્ત પાક, જીવાતોને નિયંત્રણમાં રાખવા, જમીન પર દેખરેખ રાખવા અને વધતી જતી પરિસ્થિતિઓમાં મદદ કરવા, ખેડૂતો માટે ડેટા ગોઠવવા, કામના ભારણમાં મદદ કરવા અને સમગ્ર ખાદ્ય પુરવઠા શૃંખલામાં કૃષિ સંબંધિત કાર્યોની વિશાળ શ્રેણીમાં સુધારો કરવામાં મદદ કરે છે.

**૩) મોબાઈલ પર તમારો પાક બુક કરો:** ઈલેક્ટ્રોનિક ક્રોપ બુકિંગ એ એક એન્ડ્રોઈડ એપ્લિકેશન છે જે લૉન્ચ કરવામાં આવી છે જે પાકની વિગતોની જમીની વાસ્તવિકતા જાણવા અને સમગ્ર રાજ્યમાં પાક પેટર્નનું વિશ્લેષણ કરવા અને રાજ્યમાં ઉભા પાકને પકડવા માટે બનાવવામાં આવી છે.

**૪) આપત્તિની તૈયારી:** નેચરલ ડિઝાસ્ટર મોનિટરિંગ એપ્લીકેશન, કુદરતી આફતો પર દેખરેખ રાખવા અને જોખમ ઘટાડવા માટે અગ્રણી અને પાથ બ્રેકિંગ પહેલ કરી છે. એકત્ર કરાયેલા નજીકના રીઅલ-ટાઈમ ડેટાના આધારે, એપ્લિકેશન જોખમી સંવેદનશીલ વિસ્તારોને ઓળખે છે અને નકશા બનાવે છે, સલાહકાર સાથે અહેવાલો તૈયાર કરે છે અને તમામ હિતધારકોને તેનો પ્રસાર કરે છે.

**૫) સ્માર્ટ એગ્રીકલ્ચર:** ઈલેક્ટ્રોનિક સેન્સર્સનો ઉપયોગ કરીને વાસ્તવિક સમયમાં ડેટા એકત્રિત અને વિનિમય કરો. આબોહવાની સ્થિતિનું નિરીક્ષણ, ગ્રીનહાઉસ ઓટોમેશન, પાક વ્યવસ્થાપન, કૃષિ ડ્રોન આજનો યુગ સૂચના અને તકનીકી માહિતીનો છે. સૂચના અને તકનીકી માહિતીની મદદથી સૂચનાનું આદાન પ્રદાન સરળતાથી કરી શકાય છે. આજે કૃષિ ક્ષેત્રે આઈ.સી.ટી. ની માહિતી વિકાસની ચાવી બનતી ગઈ છે. આવનાર સમયમાં ડિજિટલ મીડિયા કૃષિ માર્ગ દર્શનમાં મુખ્ય ભૂમિકા ભજવશે.

# મહારાષ્ટ્રનાં બીડ જિલ્લામાં કાર અને કન્ટેનર વચ્ચે ટક્કરમાં ચારના મોત

મહારાષ્ટ્ર,તા.૨૨

બીડ જિલ્લાના અંબાજોગાઈ-લાતુર રોડ પર નંદગાંવ પાટી પાસે રવિવારે સવારે એક સ્વિફ્ટ કાર અને કન્ટેનરની ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં ચાર લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા.




વરદાપુર પોલીસ સ્ટેશનની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને તમામ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે અંબેજોગાઈની સરકારી હોસ્પિટલમાં મોકલી આપ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, જગલપુરના ચાર લોકો આજે વહેલી સવારે સ્વિફ્ટ કારમાં ઔરંગાબાદ જઈ રહ્યા હતા.

નંદગાંવ પાટી પાસે તેમની કાર અચાનક સામેથી આવી રહેલા એક સ્પીડિંગ કન્ટેનર સાથે અથડાઈ હતી. જેના કારણે કાર કન્ટેનરની નીચે ઘૂસી ગઈ હતી અને કારમાં બેઠેલા ચાર લોકોના ઘટના સ્થળે જ મોત થયા હતા. વરદાપુર પોલીસ સ્ટેશનના એપીઆઈ સસાણેએ જણાવ્યું હતું કે કારમાં મુસાફરી કરી રહેલા ચારેય લોકો જગલપુરના હતા, પરંતુ તેમના નામ હજુ સુધી જાહેર કરવામાં આવ્યા નથી. પોલીસ આ ઘટનાની ઝીણવટભરી તપાસ કરી રહી છે.

# પ્રથમ ટેસ્ટમાં ભારતનો બાંગ્લાદેશ સામે ૨૮૦ રનથી ભવ્ય વિજય

બાંગ્લાદેશ, તા.૨૨

ટીમ ઈન્ડિયાએ બાંગ્લાદેશ સામેની પ્રથમ ટેસ્ટ ૨૮૦ રને જીતી લીધી છે. રવિવારે ૫૧૫ રનના ટાર્ગેટને ચેઝ કરવા ઊતરેલી ભારતીય ટીમે બીજી ઈનિંગમાં બાંગ્લાદેશને ૨૩૪ રનમાં ઓલઆઉટ કરી દીધું હતું. ટીમે ૨ ટેસ્ટ મેચની સિરીઝમાં ૧-૦ની લીડ મેળવી લીધી છે. બીજી મેચ ૨૭ સપ્ટેમ્બરથી કાનપુરના ગ્રીન પાર્ક સ્ટેડિયમમાં રમાશે. આ જીતનો હીરો રવિચંદ્રન અશ્વિન હતો. તેણે ૬ વિકેટ ઝડપી હતી. સાથે જ પહેલી ઈનિંગમાં ૧૧૩ રન બનાવ્યા હતા.




બાંગ્લાદેશ માટે કેપ્ટન નઝમુલ હસન શાંતોએ (૮૨ રન) અડધી સદી ફટકારી હતી.

ચોથા દિવસે બાંગ્લાદેશની ટીમે ૧૫૮/૪ના સ્કોરથી રમવાનું શરૂ કર્યું હતું. શાંતોએ ૫૧ અને શાકિબે ૫ રન બનાવીને દાવને આગળ ધપાવ્યો હતો. શાંતો ૮૨ રન બનાવીને આઉટ થયો હતો અને શાકિબ ૨૫ રન બનાવીને આઉટ થયો હતો. ભારતીય કેપ્ટન રોહિત શર્માએ બીજી ઈનિંગ ૪ વિકેટે ૨૮૭ રન પર ડિક્લેર કરી હતી અને બાંગ્લાદેશને ૫૧૫ રનનો ટાર્ગેટ આપ્યો હતો. ટીમ ઈન્ડિયાએ પ્રથમ દાવમાં ૩૭૬ રન બનાવ્યા હતા. જવાબમાં બાંગ્લાદેશનો પ્રથમ દાવ ૧૪૯ રનમાં સમેટાઈ ગયો હતો.

# ભારત-પાકિસ્તાન બોર્ડર પર ડ્રગ ડીલરોના ઘર પર બુલડોઝર ફરી વળ્યું

શ્રીગંગાનગર,તા.૨૨

રાજસ્થાનની ભજનલાલ સરકાર ડ્રગ્સના કારોબારને ડામવા માટે મોટી કાર્યવાહી કરી રહી છે. ભારત-પાક બોર્ડર પર શ્રી ગંગાનગરમાં પોલીસ દ્વારા અત્યાર સુધીનું સૌથી મોટું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. કુલ ૨૨ તસ્કરોના મકાનો બુલડોઝ કરવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૨૪માં અનેક ડ્રગ ડીલર પોલીસના હાથે ઝડપાયા હતા. તેમની સામે એનડીપીએસના ઘણા કેસ નોંધાયા હતા. આ ગુનેગારોના મકાનો, મિલકતો જપ્ત કરવામાં આવી હતી અને મકાનો પર બુલડોઝરનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. આમાંના મોટાભાગના દાણચોરો પાકિસ્તાનથી આવતું હેરોઈન સપ્લાય કરતા હતા. પાકિસ્તાન તરફથી ડ્રોન દ્વારા હેરોઈનના મોટા પેકેટો પણ છોડવામાં આવે છે અને તેને જપ્ત કરવામાં આવે છે. પંજાબની સરહદ હોવાને કારણે દાણચોરો અહીં મોટા પ્રમાણમાં ડ્રગ્સ સપ્લાય કરવાનો પ્રયાસ કરે છે.

# ગીર સોમનાથ જિલ્લામાં સરકારી જમીન પરથી કરોડોનું દબાણ હટાવાયું

ગીર સોમનાથ,તા.૨૨

ગીર સોમનાથ જિલ્લામાં કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાની સીધી દેખરેખ હેઠળ સરકારી જમીન પરના અનધિકૃત દબાણો દૂર કરવાની મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ અભિયાન અંતર્ગત કરોડો રૂપિયાની કિંમતની સરકારી જમીન મુક્ત કરાવવામાં આવી છે. ઉના તાલુકાના નાઠેજ ગામમાં ત્રણ દિવસના ગાળામાં કુલ


તસ્વીર : કૈલાષ ભટ્ટ

૭,૨૩,૬૫૫ ચોરસ મીટર જમીન પરથી દબાણ હટાવવામાં આવ્યું છે. આ જમીનની અંદાજિત બજાર કિંમત રૂ. ૨૮.૩૨ કરોડ જેટલી થવા જાય છે. એકલા આજના દિવસે જ ૨,૦૨,૨૫૦ ચોરસ મીટર ગૌચર જમીન મુક્ત કરાવાઈ હતી, જેની કિંમત રૂ. ૧૬.૧૮ કરોડ આંકવામાં આવી છે. ગીરગઢડા તાલુકાના વડવિયાળા ગામમાં પણ આવી જ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અહીં બે દિવસમાં કુલ ૨,૩૫,૦૦૦ ચોરસ મીટર જમીન પરથી દબાણ દૂર કરાયું છે, જેની કિંમત આશરે રૂ. ૧૬.૫૦ કરોડ થાય છે. આજે જ ૧,૪૫,૦૦૦ ચોરસ મીટર જમીન મુક્ત કરાવાઈ હતી, જેની કિંમત રૂ. ૯.૯૦ કરોડ આંકવામાં આવી છે.

# અમિત શાહે મુસ્લિમ પર્વને લઈને મફત ગેસ સિલિન્ડર આપવાનું આશ્વાસન આપ્યું

(એ.આર.એલ),શ્રીનગર,તા.૨૨

જમ્મુ-કાશ્મીરની ચૂંટણી વચ્ચે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મોટી જાહેરાત કરી છે. એક ચૂંટણી કાર્યક્રમમાં તેમણે મુસ્લિમ તહેવારો પર મફત ગેસ સિલિન્ડર આપવાની વાત કરી હતી. અમિત શાહ મેંધરમાં ચૂંટણી રેલીને સંબોધિત કરી રહ્યા હતા.



તેમણે કહ્યું કે ભાજપના સંકલ્પ પત્ર હેઠળ દરેક ઘરની સૌથી મોટી મહિલાને વાર્ષિક ૧૮,૦૦૦ રૂપિયા આપવામાં આવશે. મોહરમ અને ઈદ નિમિત્તે ૨ ગેસ સિલિન્ડર મફતમાં આપવામાં આવશે. ખેડૂતોને હવે રૂપિયા ૬ હજારને બદલે ૧૦ હજાર રૂપિયા આપવામાં આવશે. આ ઉપરાંત ખેતીના વીજ બિલમાં ૫૦ ટકાનો ઘટાડો થશે અને ૫૦૦ યુનિટ સુધી મફત વીજળી મળશે.

# સસ્પેન્ડ કરાયેલા અધિકારીઓને પુનઃ ફરજ ઉપર લેવા ઉના ગીરગઢડા તાલુકાના મંત્રીઓની માંગ

ગીર ગઢડા,તા.૨૨

ગીરગઢડા તાલુકાના શાણા વાંકિયા ગામે સહકારી મંડળીમાં ખેડૂત ખાતેદારો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હતી. જે બાબતને લઈને જૂનાગઢ જિલ્લા સહકારી બેંક દ્વારા ફરજ પરના ચાર કર્મચારીને તાત્કાલિક સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જેને લઈને ઉના, જૂનાગઢ જિલ્લા સહકારી બેંક ખાતે ઉના અને ગીરગઢડા



સહકારી મંડળીઓના મંત્રીઓએ એકઠા થઈ આ સસ્પેન્ડ કરાયેલા અધિકારીઓને ફરજ ઉપર લેવા માટે આવેદન આપ્યું હતું. આ અંગે રજૂઆતમાં જણાવ્યા મુજબ ઉના ગીરગઢડા બેંકના અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે જે ખરેખર વાજબી નથી. જે ઉના શાખામાં ૧૭૫ થી ૨૦૦ કરોડનું ધિરાણ હોય અને ૫ થી ૬ હજાર ખેડૂતોનું સમયસર ધિરાણ કરવાનું હોય છે. જેના ભાગરૂપે આ અધિકારીઓ પ્રેક્ટિકલ તેમજ નિષ્ઠાપૂર્વક કામ કરે છે. કોઈ મંત્રીઓ પાસે કે ખેડૂતો પાસે કોઈ પ્રકારની લાલચ રાખી નથી. આ બાબતને ધ્યાનમાં રાખી આવા અધિકારીઓને પુનઃ ફરજ ઉપર લઈ લેવા ઉના ગીરગઢડા તાલુકાના મંત્રીઓએ માંગણી કરી હતી.

# ઉનાના નેસડા ગામ નજીક દારૂ ભરેલો ટ્રક ઝડપી પાડતી એલસીબી

**પોલીસે દારૂની બોટલ, બીયરના ટીન સહિત રૂા.૨૧.૯૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો**

ઉના,તા.૨૨

ઉના તાલુકાના નેસડા ગામની ગૌચરણની સીમ શીતળા માતાજીના મંદિર તરફ જતા રોડ પાસે એક ટાટા કંપનીનો મીની ટ્રક તાલપત્રી બાંધેલ પડેલ હતો.


તસ્વીર : કૈલાશ ભટ્ટ

જેમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરેલ હોય જે હેરાફેરી કરવાની ફીરાકમાં હોય જેથી એલસીબી ટીમે ત્યાં જઈ રેઈડ કરી હતી. અને આ ટ્રકમાં તાલપત્રી ખોલી જોતા દારૂની પેટીઓનો જથ્થો મળી આવેલ તેમજ વારડાતા નદી કિનારેથી દારૂ આવ્યો હતો. આમ અલગ અલગ બે જગ્યાએથી દારૂનો જથ્થો કબ્જે કર્યો હતો. એલ.સી.બી. ટીમે ટ્રકમાંથી કિં.રૂ.૨૧,૯૦,૮૦૦ નો મુદામાલ કબ્જે કર્યો અને ૮ શખ્સો વિરુધ્ધ ફરિયાદ નોંધી તમામને પકડી પાડવા પોલીસે ચક્રો ગતિમાન કરી આગળની તપાસ હાથ ધરી છે.

# ધોરાજીમાં વ્યાજખોરોના ત્રાસથી મહિલાએ પોલીસ ફરિયાદ કરી

**કોરોના વખતે માતાની સારવાર માટે પૈસા લીધા હતા**

ધોરાજી, તા.૨૨

ધોરાજી બહારપૂરા વિસ્તારમાં રહેતા મહિલાએ કોરોના દરમિયાન માતાની સારવાર માટે પૈસા ઉછીના લીધા હતા. તે પરત કરવા છતા વારંવાર પૈસા ઉઘરાવતા હોવાથી પોલીસ ફરિયાદ કરી હતી. પોલીસ ફરિયાદ નોંધાવ્યા અનુસાર, ધોરાજીના બહારપુરા વિસ્તારમાં રહેતા મિતલબેન મહેન્દ્રભાઈ વિંઝુડાએ ધોરાજી પોલીસ મથકે વ્યાજખોરો સામે ફરિયાદ નોંધાવેલ જેમાં તેમણે જણાવેલ કે કોરોના કાળમાં તેમના માતાને કોરોના પોઝિટિવ આવતા તેમની સારવાર માટે રૂપિયાની જરૂર પડતા તેમણે રૂપિયા વ્યાજે લેવા ફરજ પડી હતી. આ ઉપરાંત કોરોનાના સમયગાળામાં મજૂરી કામ પણ ન હોય જેથી રૂપિયાની જરૂરત હોય આથી ઊંચા વ્યાજ દરે પૈસા લેવા ફરજ પડી હતી. વ્યાજખોરોને ૧૨,૦૦,૦૦૦ ચૂકવી દીધા હોવા છતાં તેમનો પઠાણી ઉઘરાણીનો ત્રાસ અવિરત રહેતા આખરે તેણે જીવણભાઈ સોંદરવા, રાજુભાઈ રાઠોડ, પ્રભાબેન સુણા, ગીતાબેન ચૌધરી, સ્વાતિબેન રાઠોડ, જયરાજ જાડેજા, સુરેન્દ્ર મકવાણા અને લક્ષ્મીબેન ભાસ્કર વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

# ગોંડલ ડિવિઝન પોલીસે વિદેશી દારૂની ૧૯૩૬૫ બોટલો નાશ કરી

ગોંડલ, તા.૨૨

ગોંડલ ડિવિઝન પોલીસ દ્વારા અલગ અલગ ગુનામાં જપ્ત કરાયેલ દારૂના જથ્થાનો ગોંડલ શહેરના વોરા કોટડા રોડ પર આવેલ ખુલ્લી જગ્યામાં નાશ કરવામાં આવ્યો હતો જે જોઈને પ્યાસીઓના જીવ તાળવે ચોંટ્યા હતા. ગોંડલ ડિવિઝન પોલીસ દ્વારા શહેર અને તાલુકાના ગ્રામ્યના અલગ અલગ વિસ્તારોમાં ૬૭ ગુનામાં કુલ ૧૯૩૬૫ વિદેશી દારૂની બોટલો કુલ કિં.રૂ. ૬૧.૭૦ લાખનો મુદ્દામાલનો નાશ કરવામાં આવ્યો હતો. ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનના વિવિધ ગામોમાં ૩૮ ગુનામાં બોટલ ૧૫૨૦૦ કિંમત આશરે ૪૮ લાખ ૧૬ હજાર ૫૯૨નો મુદ્દામાલનો નાશ કરવામાં આવ્યો છે જ્યારે સુલતાનપુર પોલીસ સ્ટેશનના ૪ ગુનામાં ૧૨૪ બોટલનો ૧૬૩૫૦નો મુદ્દામાલનો નાશ કરવામાં આવ્યો છે.

# રાજકોટમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા ચિત્ર અને રંગપૂરણી સ્પર્ધા યોજાઈ

રાજકોટ,તા.૨૨

રાજકોટમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગ દળ દ્વારા "બચ્ચે હી આગે" અંતર્ગત ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી, જેમાં બાળકોએ ખૂબ સરસ પર્ફોર્મન્સ રજૂ કર્યા હતા. પરિષદના સૌરાષ્ટ્ર પ્રાંતનાં મંત્રી જયંતીભાઈ પટેલ અને બજરંગ દળના દિલીપભાઈ સોલંકીએ બાળકોને વિવિધ ઈનામો આપી પ્રોત્સાહિત કર્યા હતા. ત્યારબાદ બહેનો રાસ ગરબા રમ્યા હતા. બાળકોમાં અદમ્ય ઉત્સાહ પ્રગટાવતી આ સ્પર્ધા ખૂબ સરસ રીતે યોજાઈ હતી. "બચ્ચે હી આગે" કાર્યક્રમમાં માય



ગણેશા અંતર્ગત રંગપૂરણી સ્પર્ધા યોજાઈ હતી. સંજયનગર કા રાજા ગણપતિ પંડાલમાં પરિષદ અને બજરંગ દળના અનેક અગ્રણીઓની ઉપસ્થિતિમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લેતા તેમને પ્રોત્સાહિત ઈનામોથી નવાજવામાં આવ્યા હતા.

**નગરપાલિકાની કામગીરીથી લોકો પરેશાન**

# ધોરાજી ઈલેક્ટ્રીક સ્મશાન ગૃહ દોઢ મહિનાથી બંધ હાલતમાં : ડાઘુઓ પરેશાન

ધોરાજી, તા.૨૨

ધોરાજી ખાતે આવેલું ઈલેક્ટ્રીક સ્મશાન ગૃહ છેલ્લા દોઢ મહિનાથી બંધ હાલતમાં પડ્યું છે ત્યારે નગરપાલિકા સંચાલિત સ્મશાન ગૃહમાં ઈલેક્ટ્રીક સ્મશાન ગૃહ મરામત માગી રહ્યું છે એવામાં પાલિકા તંત્રની બેદરકારી સીધી નજરે દેખાઈ આવે છે. છેલ્લા દોઢ મહિનાથી ધોરાજી નગરપાલિકાનું શાસન વહીવટદારના શાસનમાં


તસ્વીર : નયન કુહાડીયા

ચાલી રહ્યું છે આવા સમયે લોકોને અપેક્ષા હોય છે કે વહીવટદારના શાસનમાં લોકોને તાત્કાલિક સુવિધાના કામો થતા હોય છે પરંતુ છેલ્લા દોઢ મહિનાથી પાણી, સફાઈ, ગંદકી અને છેલ્લે અંતિમ યાત્રાનો છેલ્લો વિસામો સ્મશાન ગૃહ પણ દોઢ મહિનાથી બંધ હાલતમાં છે. સ્મશાન ગૃહમાં પહેલા લાકડા દ્વારા મૃતકની અંત્યેષ્ઠી કરવામાં આવતી હતી ત્યારબાદ ધોરાજીમાં એ જ સ્મશાન ગૃહના પરિસરમાં નવું ઈલેક્ટ્રીક સ્મશાન ગૃહ શરૂ કરવામાં આવ્યું હતું. પરંતુ તેની યોગ્ય જાળવણી રહેતી ન હોવાને કારણે ઈલેક્ટ્રીક સ્મશાન છાશવારે બંધ રહેતું હતું. જેને લઈ ડાઘુએ ફરજિયાત પણે લાકડા દ્વારા મૃતકની અંત્યેષ્ટિ કરવા ફરજ પડી રહી છે.

# કોડીનાર મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલમાં સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ યોજાયો

**મામલતદાર રાદડિયા, નગર પાલિકાના ચીફ ઓફિસર વી.સી. રાઠોડ સહિતનાની ઉપસ્થિતિ**

કોડીનાર, તા.૨૨

નગરપાલિકા સંચાલિત મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલ કોડીનારમાં સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ ૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં


તસ્વીર : ધર્મેશ પાઠક

નગરપાલિકાના પૂર્વ પ્રમુખ સુભાષભાઈ ડોડીયા, કોડીનાર મામલતદાર રાદડિયા, કોડીનાર નગરપાલિકાના ચીફ ઓફિસર વી.સી. રાઠોડ, તાલુકા પંચાયત કોડીનારના પ્રમુખ જીતુભાઈ પરમાર, કોડીનાર ટાઉન પ્લાનિંગના ચેરમેન મનુભાઈ મેર, બ્રાન્ડ એમ્બેસેડર પ્રભાતસિંહ રાજપૂત, શહેર ભાજપ મહામંત્રી મિલિનભાઈ જાદવ, અન્ય હોદ્દેદારો અને શાળાનો સમગ્ર સ્ટાફ હાજર રહ્યો હતો. આ કાર્યક્રમમાં મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલ કોડીનારની વિદ્યાર્થિનીઓ દ્વારા સ્વચ્છતા હી સેવાનું નાટક રજૂ કરવામાં આવ્યું હતું અને વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુઓ બનાવીને પ્રદર્શન રજૂ કરવામાં આવ્યું હતું.

# બાબરાના ધરાઈ નજીક હત્યા કરી લાશને સળગાવવાનો પ્રયાસ

**GRD જવાનોની નજરે શંકાસ્પદ કાર ચડતા ભાંડો ફૂટ્યો**

અમરેલી, તા.૨૨

ભાવનગરમાં રહેતા અને હીરાની દલાલીનું કામ કરતા એક આધેડની ભાવનગર જિલ્લામાં હત્યા નિપજાવ્યા બાદ આરોપીઓએ ૧૦૦ કિમીથી વધુ દૂર અમરેલીના બાબરા નજીક લાશને સળગાવી નાખતા ચકચાર મચી છે. લાશને જ્યારે સળગાવાઈ રહી હતી ત્યારે જ ઘટનાસ્થળે પહોંચેલી અમરેલી પોલીસે નજીકમાંથી ત્રણ શખ્સોની અટકાયત કરી ભાવનગર પોલીસનો સોંપ્યા છે. અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ધરાઈ ગામ પાસે ફરજ બજાવતા GRD જવાનોને એક શંકાસ્પદ કાર નજરે પડતા પેટ્રોલીંગમાં રહેતી અમરેલી પોલીસની ટીમને જાણ કરવામાં આવી હતી. GRD જવાનોએ પોલીસની પેટ્રોલીંગ ટીમને જાણ કરતા ટીમના સભ્યો કૃષ્ણનગરથી દેવળીયા જવાના કાચા માર્ગ પર પહોંચ્યા હતા. જ્યાં ફોર્ડ કંપનીની શંકાસ્પદ કાર મળી આવી હતી અને તેમાંથી ત્રણ યુવકો પણ મળી આવ્યા હતા. પોલીસે આસપાસ તપાસ કરતા કંઈક સળગતું હોવાનું ધ્યાન પર આવ્યું હતું. જ્યારે



નજીક જઈને જોયું તો એક વ્યકિતની લાશ સળગતી હોવાનું માલૂમ પડ્યું હતું. પોલીસની પ્રાથમિક તપાસમાં લાશનું ભાવનગર કનેકશન નીકળ્યું. અમરેલી પોલીસને લાશ નજીકથી જે ત્રણ લોકો મળી આવ્યા હતા તેની પ્રાથમિક પૂછપરછ કરતા બનાવના તાર ભાવનગર સાથે જોડાયા હતા. જેથી અમરેલી પોલીસ દ્વારા આ મામલે ભાવનગર પોલીસને પણ જાણ કરવામાં આવી હતી.

ફોરેન્સિક પીએમ માટે લાશને ભાવનગર મોકલવામાં આવી હતી. તો સાથે જે ત્રણ લોકો લાશ નજીકથી મળી આવ્યા હતા તેનો કબજો પણ ભાવનગર પોલીસને સોંપવામાં આવ્યો છે. ભાવનગર જિલ્લામાં હીરા દલાલની હત્યા નિપજાવ્યા બાદ આરોપીઓ અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં પહોંચ્યા હતા. ધરાઈ ગામ નજીક વેરાન જગ્યામાં રાત્રિના અંધકારમાં લાશને સળગાવી પુરાવાનો નાશ કરવાનો આરોપીઓનો ઈરાદો હતો. પરંતુ, GRD જવાન અને અમરેલી પોલીસની સજાગતાના કારણે આરોપીઓના પ્લાન પર પાણી ફરી વળ્યું હતું અને સમગ્ર મામલાનો ભાંડો ફૂટી ગયો હતો.

# રાજ્યમાં ૧૩૯ હિસાબનીશને બઢતી, ૧૦૯ ઈજનેરોની બદલીના આદેશ

(એ.આર.એલ),અમદાવાદ,તા.૨૨



ગુજરાતમાં હાલ બદલીનો દોર ચાલી રહ્યો છે. રાજ્યના હિસાબ અને તિજોરી નિયામકમાં બઢતી સાથે બદલી કરાઈ હતી. નાયબ હિસાબનીશ કક્ષાના કર્મીઓને બઢતી મળી છે. ૧૩૯ હિસાબનીશને ઉચ્ચતર પગાર ધોરણોનો લાભ મળ્યો છે. નાયબ હિસાબનીશ, નાયબ ઓડિટરને બઢતી મળી છે, પેટા તિજોરી અધિકારીઓને પણ બઢતી મળી છે. તો બીજી બાજુ માર્ગ અને મકાન વિભાગે અનેક જિલ્લાઓમાં ફરજ બજાવતા અધિકારીઓની બદલી કરી છે. વર્ગ ૨ના ૧૦૯ ઈજનેરોની બદલી કરાઈ છે. મદદનીશ ઈજનેર અને અધિક મદદનીશ ઈજનેરોની બદલી કરાઈ છે. માહિતી મુજબ ઈજનેરોની જાહેર હિત અને સ્વ વિનંતીથી બદલી થઈ છે. ઓગસ્ટ મહિનામાં ભારત સરકારના મંત્રાલયમાં વધુ એક ગુજરાત સરકારના ૨૦૧૪ ની બેચના આઈએએસ બી.વી. જગદીશની કેન્દ્રીય મંત્રી કાર્યાલયમાં નિમણૂક કરવામાં આવી હતી ત્યારે રાજ્યમાં ૩૬ તાલુકા વિકાસ અધિકારીઓની પણ બદલી કરવામાં આવી હતી.

ગાંધીનગરમાં રાજ્ય વેરા નિરીક્ષકોની સામૂહિક બદલીના આદેશ અપાયા હતા. જેમાં એકસાથે ૧૭૧ વેરા નિરીક્ષકોની તાત્કાલિક બદલીના આદેશો આપવામાં આવ્યા હતા.

# પોઈચા જેવું મંદિર બનાવવાના નામે સ્વામીઓએ ૧.૫૫ કરોડની છેતરપિંડી કરી

અમદાવાદ, તા.૨૨

હમણાં થોડા સમયથી સાધુ અને વિવાદો જાણે એકબીજાનો પર્યાય બની ગયા હોય તેવું લાગે છે. ઠેકઠેકાણેથી અલગ અલગ વિવાદો સામે આવી રહ્યાં છે. ત્યારે અરવલ્લી જિલ્લાના લિંબ અને માથાસુલિયા ગામમાં ૫૦૦ વીઘા જમીન પર પોઈચા જેવું સ્વામિનારાયણ મંદિર બનાવવાનું છે તેમ કહીને વડતાલ સ્વામિનારાયણ મંદિરના સંતો સહિત કુલ આઠ લોકો વિરુદ્ધ



ગાંધીનગર સીઆઈડી ક્રાઈમમાં ગુનો નોંધાયો છે. સંતો સહિત આઠ લોકોએ ભેગા થઈને વટવામાં જમીન લે-વેચનો ધંધો કરતા બે વ્યક્તિઓ સાથે રૂ.૧.૫૫ કરોડની ઠગાઈ આચરી હોવાનું સામે આવ્યું છે.

# ગુજરાતમાં સાત દિવસ મધ્યમથી ભારે વરસાદની આગાહી કરાઈ

અમદાવાદ, તા.૨૨

હવામાન વિભાગ દ્વારા હજુ એક વરસાદી રાઉન્ડની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. આગામી સાત દિવસ દરમિયાન રાજ્યમાં વિવિધ ભાગોમાં ક્યાંક મધ્યમ તો ક્યાંક ભારે વરસાદ વરસી શકે છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં ભારે વરસાદ વરસી શકે છે. આજે સુરત, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં ભારે વરસાદની આગાહી



છે. આગામી દિવસોમાં વરસાદનું જોર વધશે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, સામાન્ય રીતે ગુજરાત પરથી ૧૫થી ૨૦ સપ્ટેમ્બર દરમિયાન ચોમાસું વિધિવત રીતે પૂર્ણ થવાની શરૂઆત થઈ જતી હોય છે. પરંતુ આ વર્ષે લા નીનાની અસરને પગલે ચોમાસુ લાંબુ ખેંચાઈ શકે છે. તેવામાં હજુ પણ એક અંતિમ વરસાદી રાઉન્ડ બાકી છે, જેની શરૂઆત આજથી થઈ શકે છે. હવામાન વિભાગ દ્વારા ૨૨ સપ્ટેમ્બરથી આગામી સાત દિવસ દરમિયાન એટલે કે, ૨૮ સપ્ટેમ્બર સુધી ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં વરસાદની શક્યતા વ્યક્ત કરી છે.

# સાબરમતી જેલમાં બંધ પીઆઈ ખાચર સાથે દેવાયત ખવડે કરી મુલાકાત

(એ.આર.એલ),અમદાવાદ,તા.૨૨



અમદાવાદ સાબરમતી જેલમાં બંધ પૂર્વે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ અને ડો.વૈશાલી જોષી સ્યુસાઈડ કેસના આરોપી પીઆઈ બી.કે. ખાચર સાથે લોક સાહિત્યકાર દેવાયત ખવડે મુલાકાત કરી હોવાની માહિતી સૂત્રો દ્વારા મળી રહી છે. અમદાવાદ સાબરમતી જેલ જે રાજ્યની સૌથી મોટી જેલ છે અને જેમાં ગંભીરથી અતિ ગંભીર ગુનાના આરોપીઓ અને ગુનેગારોને રાખવામાં આવે છે તેમની મુલાકાત કરવા પણ ઘણી વાર ચર્ચિત લોકો પહોંચતા હોય છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, પીઆઈ બી.કે. ખાચરને સાબરમતી જેલમાં રાખવામાં આવ્યો છે, જેની મુલાકાત લોક સાહિત્યકાર દેવાયત ખવડ દ્વારા કરવામાં આવી હતી. આ મુલાકાત સંદર્ભે કોઈ અધિકૃત જાહેરાત કરવામાં આવી નથી, પરંતુ સૂત્રોના જણાવ્યા મુજબ આ મુલાકાત ખાનગી રીતે કરવામાં આવી હતી. પીઆઈ ખાચર અને ડૉ. વૈશાલી જોશી વચ્ચે પ્રેમસંબંધ હતો. જેમાં જેલમાં બંધ અમદાવાદ ક્રાઈમ બ્રાંચના આર્થિક ગુના નિવારણ શાખામાં ફરજ બજાવતા પીઆઈ ખાચર અમદાવાદના શિવરંજની વિસ્તારમાં રહેતી મૂળ વિરપુરની ૩૨ વર્ષીય ડૉ. વૈશાલી જોષીની આત્મહત્યા કેસમાં અંદર છે. અમદાવાદ ક્રાઈમ બ્રાંચના કેમ્પસમાં ૧૪મી માર્ચ ૨૦૨૪ના રોજ હાથમાં ઝેરી ઈન્જેક્શન મારીને આત્મહત્યા કરી લીધી હતી.

# સેવા કાર્યો એ આપણી ફરજ છે, જેને નિષ્ઠાપૂર્વક નિભાવવી જોઈએ : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

(જી.એન.એસ) ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરના ટાઉન હોલ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તેર ગોળ ગુરુ બ્રાહ્મણ સમાજ સેવા સમિતિ આયોજિત ત્રિવેણી સંગમ કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, સેવા કાર્યો એ આપણી ફરજ છે. આ ફરજ જે નિષ્ઠાપૂર્વક નિભાવી શકે તેના કાર્યો સરળતાથી થતા જ રહે છે. સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને પોંખી તેમને વિકસિત ભારતની સંકલ્પના સાકાર કરવા પ્રોત્સાહિત કરવાનો છે. સાથે



સાથે નવનિયુક્ત કર્મચારીઓને સમાજસેવાનો મોકો મળ્યો છે તેમ જણાવતા નિષ્ઠાપૂર્વક ફરજ નિભાવી સમાજને ઉપયોગી બનો તેવી આશા પણ વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીએ વધુમાં ઉમેર્યુ કે, સમાજના નિવૃત્ત કર્મચારીઓ, નવનિમણૂક પામેલા કર્મચારીઓ તથા ધોરણ-૧૦ અને ૧૨ ના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન એટલે આ ત્રિવેણી સંગમ કાર્યક્રમ છે.

# કડી તાલુકાના એક ગામમાં નરાધમોએ સગીરાની મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યું

અમદાવાદ, તા.૨૨

કડી તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં દુષ્કર્મની ઘટના સામે આવતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. કડી તાલુકાના નંદાસણ વિસ્તારમાં એક ગામની અંદર નરાધમોએ સગીરાને અલગ-અલગ સ્થળ ઉપર લઈ જઈને મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યું હતું. જેથી સગીરાને ચાર માસનો ગર્ભ રહી ગયો હતો. જેની જાણ પરિવારને થતાં પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. જો કે પરિવારે સગીરાને દવાખાને લઈ ગયા બાદ ત્રણ નરાધમો વિરુદ્ધ નંદાસણ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવ્યો હતો.

# અમદાવાદમાં ઓનર કિલિંગની ઘટના, પિતા, કાકા અને ભાઈઓએ કરી યુવતીની હત્યા

(એ.આર.એલ),અમદાવાદ,તા.૨૨

અમદાવાદના કણભામાં એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. પ્રેમલગ્ન કરવાની જીદ કરતી યુવતીને તેના જ પરિવારે મોતને ઘાટ ઉતારી દીધી છે. પરિવારે યુવતીને માનતા કરવાના બહાને બહારગામ લઈ જઈ હત્યા કરી નાખી. બદનામીના ડરથી યુવતીના પિતા સહિત કાકા અને પિતરાઈ ભાઈઓએ યુવતીને ગળેટુંપો આપી હત્યા કરી બાદમાં



ડીઝલ નાખી સ્મશાનમાં લઈ જઈ અગ્નિ સંસ્કાર પણ કરી નાખ્યા. હાલમાં પોલીસે ઓનર કિલિંગ કેસમાં ચાર આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદ જિલ્લા પોલીસની કસ્ટડીમાં રહેલા આ ચારેય આરોપીઓ પર ઓનર કિલિંગનો આરોપ લાગ્યો છે. પકડાયેલા ચારે આરોપીઓ પૈકી આરોપી અરવિંદ સોલંકી મૃતક યુવતીના પિતા અને પોપટસિંહ સોલંકી યુવતીના કાકા છે. જ્યારે ગજેન્દ્ર સોલંકી અને નટવર સોલંકી મૃતક યુવતીના ભાઈઓ હોવા છતાં પણ યુવતીનું ઓનર કિલિંગ કર્યાનો આરોપ લાગ્યો છે. ઘટનાની તપાસ કરતાં હકીકત સામે આવી છે કે ગત ૬ સપ્ટેમ્બરના રોજ બાકરોલ નજીક બીટ વિસ્તારમાં રાત્રી દરમ્યાન બાકરોલ સ્મશાનમાંથી અજાણી વ્યક્તિનો પોલીસને સળગાવેલી હાલતમાં એક મૃતદેહ મળ્યો હતો. જે અંગે પોલીસને પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે એક યુવતી છેલ્લા બે દિવસથી બાકરોલ ગામમાંથી ગુમ છે.






# એમપીમાંથી પકડાયેલા ડ્રગ્સનો છેડો વડોદરા પહોંચ્યો, રાવપુરામાં ટ્રામાડોલની ૧૫,૩૦૦ ટેબ્લેટ જપ્ત

ગાંધીનગર, તા.૨૨

એમપીમાંથી ઝડપાયેલ ડ્રગ્સના છેડા હવે અમદાવાદ-ગાંધીનગર અને ભાવનગર થઈને વડોદરા સુધી અડ્યા છે. વડોદરાના રાવપુરા વિસ્તારમાં આવેલી ક્લોરોફિલ્સ બાયોટેક પ્રાઈવેટ લિમિટેડને ત્યાં નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોએ સ્થાનિક અધિકારીઓ સાથે તપાસ અભિયાન હાથ ધર્યુ હતું. કંપનીના વેરહાઉસમાં દરોડો પાડીને ટ્રામાડોલની ૧૫૩૦૦ ટેબ્લેટ અને કોડીન ફોસ્ફેટની ૮૫૦ બોટલો જપ્ત કરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ કાર્યવાહીમાં એક વ્યક્તિની અટકાયત કરવામાં આવી છે. એનસીબીના ઈન્સ્પેક્ટર પ્રવીણ ધુળેએ જણાવ્યું હતુ કે શુક્રવારે બપોરે સ્થાનિક ફૂડ એન્ડ ડ્રગ વિભાગના ઈન્સ્પેક્ટર સંજય પટેલ સાથે એનસીબીની ટીમે ક્લોરોફિલ્સ બાયોટેક પ્રાઈવેટ લિમિટેડમાં તપાસ શરૂ કરી હતી. કંપનીના વેરહાઉસમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન પ્રતિબંધિત દવાઓનો જથ્થો મળી આવ્યો હતો.


